પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૫૧ • કુલ પાના : ૪ • તારીખ : ૧૭-૦૬-૨૦૨૨ શુક્રવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### સરકારના "અગ્નિપથ"નો હિંસક વિરોધ

## મધ્યપ્રદેશ સહિત છ રાજ્યોમાં દેખાવો : બિહારના નવાદામાં ભાજપની ઓફિસ પર હુમલો, રોહતકમાં વિદ્યાર્થીએ આત્મહત્યા કરી

નવીદિલ્હી,

કેન્દ્ર સરકારની અગ્નિપથ યોજનાનો સમગ્ર દેશમાં વિરોધ શરૂ થયો છે. બિહારમાંથી નીકળેલી ચિંગારી યુપી, હરિયાણા, હિમાચલ સહિતના અન્ય રાજ્યો સુધી પહોંચી ગઈ છે. દુઃખદ વાત એ છે કે હરિયાણાના રોહતકમાં આ યોજનાના વિરોધમાં એક વિદ્યાર્થી આત્મહત્યા કરી લીધી છે. બીજી તરફ પલવલમાં હોબાળો કરી રહેલ વિદ્યાર્થીઓએ પોલીસની ત્રણ ગાડીને સળગાવી દીધી છે. હિમાચલ પ્રદેશના ધર્મશાળામાં ચૂંટણી અભિયાન માટે જઈ રહેલી મોદીની રેલીમાં વિરોધ વ્યક્ત કરવા જઈ રહેલા યુવાઓને રોકવામાં આવ્યા હતા. યુપીમાં પણ અભિયાનની વિરુદ્ધ નારાઓ લગાવવામાં આવ્યા હતા.

એક યુવકે આજે રોહતકની પીજી હોસ્ટેલના રૂમમાં આત્મહત્યા કરી હતી. યુવકનું નામ સચિન હતું. તે જીંદ જિલ્લાના લિજવાન ગામનો રહેવાસી છે. તે સેનાની ભરતીની નવી પોલીસી અગ્નિપથથી હેરાન હતો. પરિવારના સભ્યોએ જણાવ્યું કે સેનાની ભરતી કેન્સલ થવાથી અને ચાર વર્ષની અગ્નિપથ યોજના આવવાથી નારાજ થઈને સચિને આ પગલુ ભર્યું છે. દેખાવકારોએ ગુરુવારની સવારથી જ મુંગેરમાં પટના-ભાગલપુર મુખ્ય માર્ગને સાફિયાબાદની પાસે જામ કરી દીધો છે. નવાદામાં ઘણા યુવાઓ કેન્દ્ર સરકારની વિરુદ્ધ પ્રજાતંત્ર ચોક પર દેખાવો કરી રહ્યા છે. બીજી તરફ, જહાનાબાદમાં વિદ્યાર્થીઓએ ગયા-પટના રેલવેટ્રેકને જામ કરી શહેરમાં વિવિધ જગ્યાઓએ આગ લગાવી છે.

જહાનબાદમાં વિદ્યાર્થીઓએ પટના-ગયા રેલખંડને ટાર્ગેટ બનાવતાં પટના-ગયા મેમુ ગાડીને જહાનાબાદ સ્ટેશનની પાસે રોકીને દેખાવો કર્યા હતા.



ટ્રેન રોકવાની માહિતી પછી રેલવે પોલીસ ઘટનાસ્થળે પહોંચીને વિદ્યાર્થીઓને સમજાવવામાં લાગી હતી. બીજી તરફ વિદ્યાર્થીઓએ શહેરના સ્ટેશન વિસ્તારના કાકો મોડની પાસે રસ્તા પર આગ લગાવીને રસ્તાને જામ કરી દીધો હતો બક્સરમાં પણ સેના બહાલીમાં ટૂર ઓફ ડ્યૂટી હટાવવાને લઈને બીજા દિવસે પણ દેખાવો થયા છે. દેખાવો કરતાં-કરતાં મોટી સંખ્યામાં યુવકો કિલા મેદાનના રસ્તાઓ પર નીકળી પડ્યા હતા. આ દરમિયાન ગુસ્સે ભરાયેલા ઉમેદવારોએ નારાઓ લગાવ્યા હતા. જોકે દેખાવોની ગંભીરતાને ધ્યાને લઈને પોલીસે તાત્કાલિક મોરચો સંભાળ્યો હતો.

નવાદાના પ્રજાતંત્ર ચોક અને રેલવે સ્ટેશનની પાસે દેખાવકારો દ્વારા રસ્તાને જામ કરીને નારેબાજી કરવામાં આવી હતી. એ પછી કેટલાક ગુસ્સે ભરાયેલા વિદ્યાર્થીઓએ નવાદા સ્ટેશન પર પહોંચીને ત્યાં ટ્રેક પર લાગેલા નટ બોલ્ટને પણ ખોલી નાખ્યા છે. દેખાવકારોમાં જબરદસ્ત રોષ જોવા મળી રહ્યો છે. સિવાનમાં પણ અગ્નિપથ યોજનાને લઈને મોટી સંખ્યામાં ઉમેદવારોએ દેખાવો કર્યા હતા. અહીં યુવાઓએ જેપી ચોક, સ્ટેશન મોડ અને રેલવેટ્રેકને જામ કરીને જોરદાર વિરોધ નોંધાવ્યો હતો. કેટલાક ઉમેદવારો હાથમાં વાસ લઈને વિવિધ જગ્યાએ આગ લગાવતા પણ જોવા મળ્યા હતા.છપરાના દુધઈલા મોડની નજીક યુવાઓએ રસ્તો જામ કરીને આગ લગાવી હતી. આ દરમિયાન ઉમેદવારોએ અગ્નિપથ યોજનાનો ભારે વિરોધ કર્યો હતો. છપરાના મશરખમાં પણ યુવાઓએ સરકારની સ્કીમની વિરુદ્ધ દેખાવો કર્યા હતા. તેમણે છપરા થાવે રેલવે લાઈન પર દેખાવો કરતા ટ્રેનને રોકી દીધી.

અગ્નિપથની નારાજગી યુપી સુધી પહોંચી ગઈ છે. ઉન્નાવના શુક્લાગંજમાં યુવાઓએ મરહલા ચાર રસ્તા પર દેખાવો કર્યા હતા. યુવાઓએ હાથમાં તખ્તી અને પોસ્ટર લઈને રક્ષા મંત્રી અને મોદી, યોગી મુર્દાબાદના નાર લગાવ્યા હતા. આ અંગેની માહિતી મળતા જ ઘટના સ્થળે પહોંચેલી પોલીસે ઓફિસ સમજાવ્યા હતા. આ સિવાય અગ્નિપથ સ્કીમના વિરોધમાં બુલંદશહેરમાં જોરદાર દેખાવો થયા હતા. વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતરી આવ્યા હતા અને સરકારની વિરુદ્ધ નારેબાજી કરી હતી. આ દરમિયાન પોલીસ સાથે પણ બોલાચાલી થઈ હતી. વિદ્યાર્થીઓએ કહ્યું કે ભારત સરકારના નિર્ણયથી અમને શરમ આવે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી હિમાચલ પ્રદેશના ધર્મશાળામાં પહોંચે તે પહેલા ગગલમાં યુવાઓ રસ્તાઓ પર ઉતરી આવ્યા છે. ઘણા વર્ષોથી સેનામાં ભરતીની તૈયારીમાં લાગેલા યુવા અગ્નિપથ ભરતી યોજનાનો વિરોધ કરી રહ્યાં છે. તેઓ મોદી સમક્ષ વિરોધ કરવા માટે ધર્મશાળા જવાની કોશિશ કરી રહ્યાં હતા, જોકે પોલીસે તેમને અટકાવ્યા હતા.

હરિયાણાના ગુરુગ્રામમાં વિદ્યાર્થીઓએ અગ્નિપથ યોજનાના વિરોધમાં દિલ્હી-જયપુર હાઈવેને જામ કરી દીધો છે. રસ્તાઓ પર બેઠેલા વિદ્યાર્થીઓએ કહ્યું કે પહેલા તો ત્રણ વર્ષથી સેનામાં ભરતી થઈ રહી નહોતી. હવે માત્ર ચાર વર્ષની નોકરીની યોજના લાવવામાં આવી છે. આ અમારી સાથે અન્યાય છે. અગ્નિપથ યોજનાના વિરોધમાં હરિયાણાના રેવાડીમાં મોટી સંખ્યામાં યુવકોએ બસ સ્ટેન્ડ પાસે હોબાળો કર્યો હતો. યુવાઓએ પોલીસની બેરિકેડ્સ તોડી નાંખી અને સરકારની વિરુદ્ધ ભારે નારેબાજી કરી હતી. પોલીસે લાઠીચાર્જ કરીને દેખાવકારોને ભગાવ્યા હતા. તણાવના પગલે આસપાસના બસસ્ટેન્ડ સંપૂર્ણ રીતે બંધ થયા છે.

ગ્વાલિયરના ગોળાના મંદિરમાં સેનાની ભરતીની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓએ ચક્કાજામ કર્યો છે. આ દરમિયાન રસ્તા પર ટાયર સળગાવીને વિદ્યાર્થીઓ દેખાવો કર્યા હતાં કેન્દ્ર સરકારે ૧૪ જૂને સેનાની ત્રણેય પાંખ- આર્મી, નેવી અને એરફોર્સમાં યુવાઓની મોટી સંખ્યામાં ભરતી માટે અગ્નિપથ ભરતી યોજના શરૂ કરી છે. આ સ્કીમ અંતર્ગત યુવાનોએ ૪ વર્ષ માટે ડિફેન્સ ફોર્સમાં સેવા આપવાની રહેશે. હાલ એવી ચર્ચા ચાલી રહી છે કે સરકારે આ પગલુ સેલેરી અને પેન્શનના બજેટને ઘટાડવા માટે ઉઠાવ્યું છે.

## ચૂંટણી ઓબ્ઝર્વર તરીકે ગુજરાત બહારથી ૧૦૦ IAS, ૯૦ IPS અને ૧૫૦ IRS આવશે

નવીદિલ્હી,

ગુજરાત વિધાનસભાની ચુંટણી ગમે ત્યારે જાહેર થઈ શકે છે. ઈલેક્શન કમિશન ઈન્ડિયા માટે આ વેળાએ સોશિયલ મિડિયા અને તેના કારણે ઉદ્દભવનારા લો- એન્ડ ઓર્ડરના પ્રશ્નો તેમજ ઉમેદવારો, રાજકીય પાર્ટીઓનો પ્રચાર ખર્ચ સૌથી મોટો પડકાર સર્જી શકે તેમ છે. પંચ ના ગુજરાત સ્થિત એકમ તરફથી ૧૮૨ બેઠકોમાં પ્રત્યેક મતક્ષેત્રોમાં અલાયદા ચૂંટણી નિરીક્ષક (ઓબ્ઝર્વર) નિમાવા પૂર્વ તૈયારી શરૂ થઈ છે. આથી, આગામી ચૂંટણી સંચાલનમાં રાજ્યના વહિવટી તંત્ર, સ્ટેટ કેડર તેમજ ચૂંટણીના ઉમેદવારો, રાજકીય પક્ષો, પ્રચાર- પ્રસાર તંત્ર અને તેમની ગતિવિધી પર દેખરેખ, નિયંત્રણ રાખવા ગુજરાત બહારથી અન્ય રાજ્યોના ૧૦૦થી વધુ આઈએએસ,૯૦થી વધુ આઈપીએસ અને એકાઉન્ડ એન્ડ ઓડિટ, ઈક્મટેક્સ સહિતની કામગીરી કરતા ૧૫૦ જેટલા આઈઆરએસ (રેવન્યુ કેડર) ઓફિસરો ઈલેક્શન ઓબ્ઝર્વર તરીકે આવશે એમ મનાય છે.

જો કે ટોચના અધિકારીએ કહ્યુ કે, હજી ચુંટણી પંચ તરફથી ઓબ્ઝર્વરની માંગણી સંદર્ભે સુચના મળી નથી. આ એક રૂટિન પ્રેક્ટિશ છે. દરખાસ્ત તૈયાર થશે ત્યારે આ વખતની ચૂંટણીમાં ખર્ચ ઓબ્ઝર્વર પ્રત્યેક બેઠકદિઠ ઉપલબ્ધ કરાવવાની બાબત વિચારણા હેઠળ છે. તદ્‌ઉપરાંત કાયદો-વ્યવસ્થાની જાળવણી, ચૂંટણી સંચાલન ક્ષેત્રે અન્ય રાજ્યોમાંથી ઓબ્ઝર્વર તરીકે ફાળવવામાં આવતા આઈએએસ આઈપીએસનું સંખ્યાબળ વધારાવા વિનંતી થશે.

ચૂંટણીમાં બહારથી આવતા ઓબ્ઝર્વર્સની ભૂમિકા જોઈએ તો ચૂંટણીમાં પ્રચાર- પ્રસાર માટે થતા ખર્ચ, મતદારોને ખરીદવા કે લાલચ આપવાની બાબતો, ગેરકાયદે નાણાકીય હેરફેર ઉપર નિયંત્રણ. દારૂબંધીનો અમલ, સોશિયલ મિડીયાનું સુપરવિઝન તેમજ કાયદો-વ્યવસ્થાના પાલન, ભય મુક્ત ચૂંટણી યોજાય તે દિશામાં કાર્યવાહી. ચૂંટણી જાહેરાતથી લઈને મતગણતરી અને વિજેતા ઉમદેવારની જાહેરાત સુધી સમગ્રતયા પારદર્શકપણે ચૂંટણીનું સંચાલન કરાવવવુ.

એ યાદ રહે કે ગુજરાતમાં ૧૫મી વિધાનસભાની ચૂંટણી પૂર્વે વહિવટી તંત્રમાં ફેરફારની શરૂઆત થઈ ચૂકી છે. મહેસૂલ વિભાગે બૂધવારે એક જ આદેશથી ૪૦ નાયબ મામલતદારોને મામલતદાર તરીકે પ્રમોશન આપીને કૂલ ૧૫૦ મામલતદારોની બદલી થઈ હતી. રાજ્ય સેવામાં વર્ગ- ૨ના અધિકારી મામલતદારોને ચૂંટણી સંચાલનમાં એડિશનલ રિટર્નિગ ઓફિસર-એઆરઓની જવાબદારી સોંપવામાં આવતી હોય છે. ૧૫૦ મામલતદારોની બદલીથી અનેક વિધાનસભા મતક્ષેત્રોમાં એઆરઓની બદલીઓ થઈ છે. હવે ફિલ્ડ લેવલે તબક્કાવાર નાયબ કલેક્ટરથી લઈને એડિશનલ કલેક્ટર, કલેક્ટર અને સચિવાલયમાં છેક અધિક મુખ્ય સચિવ સ્તરે ફેરફારો થશે.

## કોરોનાના છેલ્લા ૨૪ કલાકમાં ૧૨,૦૦૦ થી વધુ નવા કેસ નોંધાયા

નવીદિલ્હી,

કોરોના ચેપના કેસોમાં તીવ્ર ઉછાળો આવ્યો છે અને છેલ્લા ૨૪ કલાકમાં ૧૨,૨૧૩ નવા કેસ નોંધાયા છે અને ૧૧ લોકોના મોત થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૭,૬૨૪ લોકો કોરોનાથી સાજા થયા છે. આ સાથે, દેશમાં આ વાયરસથી સાજા થનારા લોકોની સંખ્યા અત્યાર સુધીમાં ૪,૨૬,૭૪,૭૧૨ પર પહોંચી ગઈ છે. સરકારી આંકડા મુજબ, હાલમાં કોરોનાના સક્રિય કેસોની સંખ્યા ૫૮,૨૧૫ છે. વર્તમાન પુનઃપ્રાપ્તિ દર ૯૮.૬૫% છે, દૈનિક હકારાત્મકતા દર ૨.૩૫% છે અને સાપ્તાહિક હકારાત્મકતા



દર ૨.૩૮% છે.દેશવ્યાપી રસીકરણ અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં ૧૯૫.૬૭ કરોડ રસીના ડોઝ આપવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૮૫.૬૩ કરોડ ટેસ્ટ કરવામાં આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૫,૧૯,૪૧૯ ટેસ્ટ કરવામાં આવ્યા છે.

બુધવારે દિલ્હીમાં કોરોના વાયરસના ચેપના ૧,૩૭૫ નવા કેસ નોંધાયા છે અને ચેપ દર ૭.૦૧ ટકા છે. જો કે, ચેપને કારણે મૃત્યુનો કોઈ કેસ નોંધાયો નથી. વિભાગે તેના નવા બુલેટિનમાં જણાવ્યું છે કે બુધવારે નવા કેસ સામે આવ્યા બાદ સંક્રમિત લોકોની કુલ સંખ્યા વધીને ૧૯,૧૫,૯૦૫ થઈ ગઈ છે. મૃતકોની કુલ સંખ્યા ૨૬,૨૨૩ છે. મંગળવારે દિલ્હીમાં ચેપના ૧,૧૧૮ કેસ નોંધાયા હતા અને ચેપ દર ૬.૫૦ ટકા હતો.

બુધવારે મુંબઈમાં કોરોના વાયરસના ચેપના ૨,૨૯૩ નવા કેસ નોંધાયા હતા, જ્યારે એક ચેપગ્રસ્તનું મૃત્યુ થયું હતું. ૨૩ જાન્યુઆરી પછી મુંબઈમાં એક દિવસમાં નોંધાયેલા આ સૌથી વધુ કેસ છે. મ્યુનિસિપલ બોડીએ આ માહિતી આપી હતી. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (મ્સ્ઝ) ના બુલેટિન મુજબ, આ વધારાના કેસ સાથે, મુંબઈમાં કોવિડ -૧૯ કેસની સંખ્યા અત્યાર સુધીમાં વધીને ૧૦,૮૫,૮૮૨ થઈ ગઈ છે. મહાનગરમાં રોગચાળાને કારણે અત્યાર સુધીમાં ૧૯,૫૭૬ દર્દીઓના મોત થયા છે. મુંબઈમાં લગભગ પાંચ મહિના પછી દૈનિક કેસની સંખ્યા બે હજારને વટાવી ગઈ છે.

## નારકોટિક્સ કંટ્રોલ બ્યૂરોની કાર્યવાહી, સુરતથી ૭૨૪ કિલો ગાંજા સાથે છ ઝડપાયા

અમદાવાદ,

નારકોટિક્સ કંટ્રોલ બ્યુરોની ગુજરાત ટીમે સુરત ખાતેથી ફરી એક વખત મોટી માત્રામાં ગાંજાનો જથ્થો ઝડપ્યો છે. આ કેસમાં સંડોવાયેલા ૬ શખ્સોને ઝડપી ૧ લાખ રોકડ, અને ૨ વાહનો સહિત ૭૨૪ કિલો ગાંજો કબ્જે કરવામાં આવ્યો છે. હાલ તો એનસીબીએ આગળની કાર્યવાહી હાથ ધરી છે. છ શખ્સોને એનસીબીની ટીમે ગાંજાના જથ્થા સાથે સુરતમાંથી ઝડપી લીધા છે. ગાંજો ભરી એક ટ્રક ઓડિશાથી સુરત આવવાનો હોવાની માહિતી એનસીબીને પહેલેથી જ હતી અને તે દરમ્યાન આ જથ્થો જે વ્યક્તિ રીસિવ કરવાની હતી તેના સહિત ૬ લોકોને એનસીબીએ ઝડપી લીધા. આ સાથે જ ગાંજાના જથ્થા ઉપરાંત બે વાહનો અને એક લાખ રૂપિયાની રોકડ રકમ જપ્ત કરવામાં આવ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર આ પ્રકારની કાર્યવાહીથી આંતરરાજ્ય ટીમનો પર્દાફાશ એનસીબીએ કર્યો છે. આ સિવાય પણ ડ્રગ્સ સિન્ડિકેટને તોડવા રાજ્યની પોલીસ કમર કસી રહી છે અનેક મોટા કંસાઈમેન્ટ પકડી ડ્રગ પેડલરોનો જેલ હવાલે કર્યા છે. ત્યારે દ્ગઝ્રમ્એ ગત જૂન માસમાં જ ડ્રગ્સના ત્રણ કેસો કરી મોટી સફળતા હાંસલ કરી છે. અગાઉ દ્ગઝ્રમ્એ વાપીમાંથી સાયકોટ્રોફિક સબસ્ટેન્સના ઉત્પાદનમાં સામેલ ફેક્ટરીમાંથી સાયકોટ્રોફિક સબસ્ટેન્સનો ૬૮ કિગ્રા જથ્થો જપ્ત કર્યો હતો. બાદમાં અમદાવાદમાં અન્ય એક કાર્યવાહી કરી એનસીબી ટીમે ૫૨૩ કિગ્રા ગાંજા સાથે ડ્રગ ટ્રાફિકિંગમાં સામેલ ૧૩ લોકોની ધરપકડ કરી હતી. જોકે આમ જૂન મહિનામાં જ ડ્રગ્સનો કુલ ૧,૩૧૫.૭૦૦ કિગ્રાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

## અમદાવાદ-ભાવનગર ટ્રેનને ૧૮મીએ વડાપ્રધાન મોદી લીલી ઝંડી આપશે

ભાવનગર,

ભાવનગર શહેરની જનતા રાહ જોઈ રહી હતી તે અમદાવાદ ભાવનગર ટ્રેનનો તારીખ ૧૮ જૂન ને શનિવારથી પ્રારંભ થશે. વડાપ્રધાન મોદી લીલી ઝંડી આપી આ ટ્રેનને પ્રસ્થાન કરાવશે. બોટાદ સાબરમતી ગેજ કધવર્ઝનના કારણે છેલ્લાં પાંચ વર્ષથી આ રૂટનો ટ્રેન વ્યવહાર બંધ હતો. બોટાદથી સાબરમતી સ્ટેશન સુધી મીટર ગેજમાંથી બ્રોડગેજ લાઇનમાં પરિવર્તન કરવા માટે ૧૫ સપ્ટેમ્બર ૨૦૧૭થી ભાવનગર વાયા બોટાદ અમદાવાદ ટ્રેન બંધ કરવામાં આવ્યો હતો.

ચાર વર્ષે ગેજ પરિવર્તન કામ પૂર્ણ થયું હતું ગત જુલાઈમાં પ્રથમવાર ટ્રેક ટેસ્ટિંગ કરાયું હતું. નવેમ્બરથી માલગાડી દોડાવવાનું શરૂ કરવામાં આવ્યું હતું તમામ સ્તરે ટેસ્ટિંગ કાર્ય સફળ રીતે પૂરું થવા છતાં લોકાર્પણના વાંકે છ માસ કરતા વધુ સમયથી પેસેન્જર ટ્રેન શરૂ કરવામાં આવી ન હતી. આખરે અમદાવાદ ભાવનગર ઈન્ટરસિટી ટ્રેન શરૂ થવા જઈ રહી છે. વડાપ્રધાન મોદી પાવાગઢ વડોદરાના કાર્યક્રમમાં આવવાના છે આથી ૧૮મીના રોજ તેમના હસ્તે અમદાવાદ-ભાવનગર ટ્રેન દોડાવવા માટે લીલીઝંડી અપાશે તેમ રેલ્વે સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.જો કે આ અંગે રેલ તંત્રએ સત્તાવાર સમર્થન આપ્યું નથી પરંતુ રેલ અધિકારીઓ ટ્રેન દોડાવવા માટેની તૈયારીઓમાં વ્યસ્ત થઈ ગયા છે.

## મજબૂત, સમૃદ્ધ અને સંકલિત આસિયાન માટે ભારતનું સંપૂર્ણ સમર્થન : વિદેશ મંત્રી

નવીદિલ્હી,

વિદેશ મંત્રી એસ. જયશંકરે આસિયાનના ૧૦ દેશોના વિદેશ મંત્રીઓના સંમેલનને સંબોધિત કરતા કહ્યું. આ સંસ્થા ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં સંપૂર્ણ રીતે માન્યતા પ્રાપ્ત પ્રભાવશાળી જૂથ છે. બે દિવસીય બેઠકને સંબોધતા વિદેશ મંત્રી જયશંકરે કહ્યું કે, વધુ સારી રીતે કનેક્ટેડ ભારત અને આસિયાન વિકેન્દ્રિત વૈશ્વિકીકરણ અને લવચીક અને વિશ્વસનીય પુરવઠા પ્રણાલીને પ્રોત્સાહન આપવામાં સફળ રહેશે. દક્ષિણપૂર્વ એશિયાઈ રાષ્ટ્રોના સંગઠનએ પ્રદેશના સૌથી પ્રભાવશાળી જૂથોમાંનું એક માનવામાં આવે છે. આમાં ભારત, અમેરિકા, ચીન, જાપાન અને ઓસ્ટ્રેલિયા સહિત અન્ય ઘણા દેશો તેના સંવાદ પાર્ટનર છે. કોરોના રોગચાળાનો ઉલ્લેખ કરતા જયશંકરે કહ્યું કે, તે હજી સંપૂર્ણ રીતે સમાપ્ત થયું નથી. સાથે મળીને આપણે ઘણો લાંબો રસ્તો કાપવાનો છે અને રોગચાળા પછી રિકવરી કરવાની છે. વિદેશ મંત્રીએ કહ્યું કે, ભૌગોલિક રાજકીય સમસ્યાઓએ રોગચાળાનો સામનો કરવો વધુ મુશ્કેલ બનાવ્યો છે. અમારે યુક્રેનમાં વિકાસ, ખાદ્ય અને ઉર્જા સુરક્ષા તેમજ



ખાતર અને અન્ય કોમોડિટીની કિંમતો અને લોજિસ્ટિક્સ સપ્લાય પરની અસર સાથે વ્યવહાર કરીને તેનો સામનો કરવો પડશે. તેમણે કહ્યું કે, ભારત-આસિયાન સંબંધોએ વિશ્વને જવાબ આપવો જોઈએ જેનો આપણે સામનો કરીએ છીએ. આસિયાન હંમેશા પ્રાદેશિકવાદ, બહુપક્ષીયવાદ અને વૈશ્વિકરણના પ્રતીક તરીકે ઊભું રહ્યું છે. જયશંકરે કહ્યું કે, આસિયાનએ આ ક્ષેત્રમાં સફળતાપૂર્વક પોતાના માટે એક વિશિષ્ટ સ્થાન બનાવ્યું છે. તેણે ઈન્ડો-પેસિફિકમાં વ્યૂહાત્મક અને આર્થિક આધાર વિકસાવવાનો પાયો નાખ્યો છે. તેમણે કહ્યું કે, વિશ્વની સામે ભૌગોલિક રાજકીય પડકારો અને અનિશ્ચિતતાઓને જોતાં, આજે આસિયાનની ભૂમિકા કદાચ પહેલા કરતાં વધુ મહત્વપૂર્ણ છે.

## હવાઈ મુસાફરી ૧૫ ટકા સુધી મોંઘી થશે! છેલ્લા છ મહિનામાં હવાઈ ઈંધણની કિંમતમાં ૯૧ ટકા સુધીનો વધારો થયો છે

નવીદિલ્હી,

હવાઈ મુસાફરો માટે ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. જેટ ફ્યુઅલ અથવા એર ટર્બાઈન ફ્યુઅલની કિંમતમાં ફરી એકવાર વધારો કરવામાં આવ્યો છે. તેની કિંમતોમાં ૧૬.૩ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. નોંધપાત્ર રીતે, માર્ચ ૨૦૨૨ પછી આ સૌથી મોટો વધારો છે. આ સાથે જેટ ફ્યુઅલની કિંમત નવા રેકોર્ડ સ્તરે પહોંચી ગઈ છે.

રિપોર્ટ અનુસાર છેલ્લા છ મહિનામાં હવાઈ ઈંધણની કિંમતમાં ૯૧ ટકા સુધીનો વધારો થયો છે. આ નવા ફેરફાર બાદ રાજધાની દિલ્હીમાં ATFની કિંમત ૧.૪૧ લાખ રૂપિયા પ્રતિ કિલોલીટરના રેકોર્ડ સ્તરે પહોંચી ગઈ છે. ઉલ્લેખનીય છે કે આ વર્ષે ૧૬ માર્ચે એટીએફમાં સૌથી વધુ ૧૮.૩ ટકાનો વધારો થયો હતો. ત્યારબાદ ૧ એપ્રિલે પણ ભાવમાં બે ટકાનો વધારો થયો હતો. આ સિવાય ૧૬ એપ્રિલે ૦.૨ ટકા અને ૧ મેના રોજ ૩.૨૨ ટકાનો વધારો થયો હતો.

નોંધનીય છે કે સળંગ દસ વધારા બાદ ૧ જૂને એરક્રાફ્ટ ઈંધણના ભાવમાં ૧.૩ ટકાનો નજીવો ઘટાડો કરવામાં આવ્યો હતો. પરંતુ, હવે ફરી તેની કિંમતમાં આગ લાગી છે અને એવી અપેક્ષા છે કે આગામી દિવસોમાં હવાઈ મુસાફરી વધુ મોંઘી થઈ શકે છે. નોંધપાત્ર રીતે, એટીએફ પરનો ખર્ચ એરક્રાફ્ટનો મોટો હિસ્સો ધરાવે છે, જે લગભગ ૪૦ ટકા છે. આવી સ્થિતિમાં, તેમાં વધારાને કારણે, મુસાફરોના ભાડામાં પણ વધારો થવાની સંભાવના છે.

એટીએફના ભાવમાં તીવ્ર વધારા પછી તરત જ, સ્પાઈસજેટના સીએમડી અજય સિંઘે જણાવ્યું હતું કે જેટ ઈંધણના ભાવમાં તીવ્ર વધારો અને રૂપિયાના અવમૂલ્યનને કારણે સ્થાનિક એરલાઈન્સ પાસે તાત્કાલિક ભાડામાં વધારો કરવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી અને અમે માનીએ છીએ કે તાકીદે ભાડાં વધારવાની જરૂર છે. ભાડામાં ઓછામાં ઓછો ૧૦ થી ૧૫ ટકાનો વધારો કરો જેથી કામગીરીનો ખર્ચ યોગ્ય રહે.

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

ભાભોર ભાવસિંહ નાનજીભાઈ

તરફથી અભીનંદન....

મુ. ભાભોર ફળીયું-કાકડખીલા, તા. ધાનપુર, જી. દાહોદ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

મોહનીયા નારણભાઈ સુરેશભાઈ

તરફથી અભીનંદન....

મુ. પટેલ ફળિયું-આબાકાચ, તા. ધાનપુર, જી. દાહોદ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

મોહનીયા દિનેશભાઈ કાળુભાઈ

તરફથી અભીનંદન....

મુ. ખજુરી, તા. ધાનપુર, જી. દાહોદ

## ભારત સાથેની અથડામણમાં માર્યા ગયેલા ચીની સૈનિકોને ચૂપચાપ શ્રદ્ધાંજલિ અપાઈ

નવીદિલ્હી,

ચીનના અગ્રણી મીડિયા જૂથોએ તા.૧૫ જૂન, ૨૦૨૦ના રોજ પૂર્વી લદ્દાખની ગાલવાન ખીણમાં ભારતીય અને ચીની સૈનિકો વચ્ચેની હિંસક અથડામણના બે વર્ષ પૂરા થવા પર મૌન પાળ્યું હતું, પરંતુ માઈક્રો-બ્લોગિંગ વેબસાઈટ પરના કેટલાક મીડિયાએ ભારત સાથેની અથડામણમાં માર્યા ગયેલા ચીની સૈનિકોના મૃત્યુને યાદ કરી શ્રદ્ધાંજલિ આપી હતી ચીનના સરકારી અખબાર ગ્લોબલ ટાઈમ્સે ૧૫ જૂને ચીની ભાષાની આવૃત્તિમાં વિગતવાર અહેવાલ પ્રકાશિત કર્યો હતો.

આ રિપોર્ટમાં પીપલ્સ લિબરેશન આર્મીના વેસ્ટર્ન કમાન્ડના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સમાં ભારત સાથેની અથડામણમાં માર્યા ગયેલા સૈનિકોના પરિવારો વિશેની પોસ્ટ પ્રકાશિત કરવામાં આવી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ચીનની સરહદ સુરક્ષાના ઈતિહાસમાં આ એક ક્યારેય ન ભુલાય તેવો દિવસ છે.

ભારતનું નામ લીધા વિના, અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, "સંબંધિત વિદેશી સૈનિકોએ ગાલવાન ખીણ વિસ્તારમાં રસ્તાઓ, પુલ અને અન્ય માળખાઓનું નિર્માણ કરીને બંને દેશો વચ્ચેના કરારોનું ગંભીર ઉલ્લંઘન કર્યું છે." રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, "સરહદ પર યથાસ્થિતિ બદલવાનો એકપક્ષીય પ્રયાસ કરવામાં આવ્યો હતો અને અમારા અધિકારીઓ પર હિંસક હુમલા કરવામાં આવ્યા હતા."

# લુણાવાડાના મલેકપુરમાં પેટ્રોલ-ડિઝલ ન હોવાના પેટ્રોલ પંપ ઉપર બોર્ડ લાગતા લોકો મુશ્કેલીમાં મુકાયા

મલેકપુર,

લુણાવાડાતાલુકામાં આવેલ મલેકપુર માં પેટ્રોલ અને ડીઝલની અછત સર્જાતા પેટ્રોલ અને ડીઝલ ન હોવાના બોર્ડ મારી દેવામાં આવ્યા છે. છેલ્લા ૨ દિવસથી ડીઝલ અને પેટ્રોલની અછત સર્જાતા લોકો મુશ્કેલીમાં મુકાયા પેટ્રોલ પંપ પર ડીઝલ અને પેટ્રોલ ન હોવાના કારણે ગ્રામ્ય વિસ્તારોના ખેડૂતોને ભારે હાલાકીનો સામનો કરવાની નોબત આવી પડી છે. તાલુકામાં ચોમાસાની ઋતુની શરૂઆત થઈ ચૂકી છે. ત્યારે ગ્રામ્ય વિસ્તારોમાં મોટા ભાગે લોકો ખેતી તરફ વળ્યા છે. ત્યારે ચોમાસાની શરૂઆતમાં ડિઝલની અછત સર્જાતા ખેડૂતોમાં એક તરફ નારાજગી જોવા મળી હતી.



તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

તાલુકામાં વાવણી લાયક વરસાદ થયો છે. જેમાં મોટાભાગના ખેડૂતો ખેતીકામ ટ્રેક્ટર દ્વારા કરતા હોવાથી લોકોને ટ્રેક્ટર માટે ડિઝલ ન મળતાં હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે અને જેને લઇ ખેડૂતોને ખેતી પર માંથી અસર થાય તેવી સંભાવના દેખાઈ રહી છે. જેને લઈ ખેડૂત અને પશુ પાલકો ખૂબ ચિંતિત છે. પેટ્રોલ પંપ સંચાલકો દ્વારા પેટ્રોલ ડિઝલનો જથ્થો તાલુકામાં પુરતો પ્રમાણમાં આપવામાં આવેની માંગ ઉઠવા પામી છે. ત્યારે મલેકપુરના બજારમાં બે પેટ્રોલ પંપો આવેલા છે. ત્યારે બંને પેટ્રોલ બોટલ બંધ હાલતમાં જોવા મળે છે. ત્યારે પેટ્રોલ અને ડીઝલ લેવા માટે ૨૧ કિમી સુધી લુણાવાડા લાંબુ થવું પડે છે. હાલ ખેડૂતોને ડિઝલની જરૂર વધારે પડતી હોય છે. ત્યારે ડીઝલના હોવાના કારણે ગ્રાહકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. કેમ વાહનોમાં પેટ્રોલ અને ડીઝલ પુરાવવા માટે ૧૨૦ પેટ્રોલ ભરાવું પડતું હોય છે. ત્યારે મલેકપુરમાં પેટ્રોલઅને ડિઝલ આવે તેવી લોકમાંગ છે.

**સંતરામપુરમાં પેટ્રોલ-ડીઝલની અછત ગંભીર બની ૨૪ કલાકમાં એક જ ટેન્કર આવે છે. હવે વાહનો નહીં પરંતુ ગામડામાંથી મોટા મોટા બેરાનો ભરવા આવે છે. કારણ કે, ખેતીની સિઝનમાં ખેડૂતોની ડીઝલની વધારે જરૂર પડતી હોય છે. સંતરામપુર તાલુકામાં શહેરમાં પેટ્રોલ-ડીઝલમાં પરિસ્થિતિ વધારે ગંભીર બનતી હોય છે.**



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

# સંતરામપુર નગરપાલિકા ધાર્મિક સ્થળ પર હલકી ગુણવત્તાની કામગીરી કરી

સંતરાપુર,

સંતરામપુર નગરના અંતિમ સંસ્કારન રસ્તા ઉપર પણ કામગીરીમાં વેઠ ઉતારી સંતરામપુર નગરપાલિકા દ્વારા સ્મશાનમાં બનાવવામાં આવેલો સેડ તૂટી પડ્યો. સંતરામપુર નગરપાલિકા દ્વારા હિન્દુ સ્મશાનમાં માતબર રકમ ખર્ચ કરીને નવો શેડ ઉભો કરવામાં આવ્યો હતો. સંતરામપુર નગરના અને આજુબાજુ વિસ્તારના સંખ્યા બંધ માણસો અંતિમ સંસ્કારની વિધિ કરવા માટે અહીંયા જ આવતા હોય છે અને સંતરામપુર તાલુકાનું સૌથી મોટો સ્મશાન ગણાતું હોય છે. આ સ્થળ ઉપર જવાબદારીપૂર્વક કામગીરી કરવાની હોય છે, પરંતુ કામગીરીમાં હલકી ગુણવત્તાનું માલસામાન અને ઉપયોગ કરી અને કામગીરીમાં વેઠ ઉતારવાના કારણે આજે આ નીચે પડી ગયેલા શેડની પરિસ્થિતિ જોવાઈ રહી છે. સરકારી ગ્રાન્ટમાંથી કામગીરીમાં આખરે નગરપાલિકાની પોલ બહાર આવી ખરેખર જોવા જાય કોઈપણ વ્યક્તિ પોતાના ઘરે કે દુકાનમાં બાંધકામ પર આવે તો મજબૂત કરાવતા હોય જેથી કરીને નુકશાન ના થાય પરંતુ નગરપાલિકા વિસ્તારમાં આવેલું સ્મશાન સમસ્ત હિન્દુ સમાજનું પવિત્ર સ્થળ ગણાતું હોય છે. આ જગ્યાએ પણ સારી કામગીરી કરાવી અને તેનું ધ્યાન રાખવું જરૂરી બન્યું છે. નગરપાલિકા આવા સ્થળો ઉપર પણ કામગીરીમાં ખામી મૂકે છે. નગરમાં ચર્ચાઈ રહ્યું છે કે, ખરેખર સેડની કામગીરી બરાબર કરવામાં આવેલ હતી. આવા પવિત્ર સ્થળ ઉપર પણ નગરપાલિકા ગેરરીતિ આચરવાનો નગરમાં ચર્ચાનો વિષય બન્યો.



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર



**સંતરામપુર ગાયત્રી મંદિર ખાતે નિવૃત શિક્ષકોનો સન્માન સમારંભનો કાર્યક્રમ યોજાયો. સંતરામપુર ગાયત્રી મંદિર ખાતે જનરલ મીટીંગ નિવૃત્ત શિક્ષકોના વિવિધ પ્રશ્નો અને અન્ય કામગીરી કરવા માટે અને કેટલી મહત્વના મુદ્દાઓ વિશે ચર્ચા કરવા માટે આજરોજ મોટી સંખ્યામાં સંતરામપુર અને કડાણા અને ફતેપુરાના નિવૃત્ત થઈ ગયેલા શિક્ષકો સન્માન સમારંભનો કાર્યક્રમ યોજાયો હતો.**

# ગીર સોમનાથના કોડીનાર તાલુકાના ગામમાં બાળકી સાથે દુષ્કર્મ અને હત્યાના ગુનામાં આરોપીને ફાંસીની સજા થાય તેવી માંગ સાથે લુણાવાડા દશનામ ગૌસ્વામી સમાજે આવેદન આપ્યું



લુણાવાડા,

લુણાવાડા દશનામ ગૌસ્વામી સમાજ દ્વારા ગીર સોમનાથના કોડીનાર તાલુકાના ગામમાં ૮ વર્ષીય બાળકી સાથે દુષ્કર્મ આચરી હત્યા બનાવને લઈ આરોપીને ફાંસીની સજા થાય તેવી માંગ સાથે મહિસાગર જીલ્લા કલેકટરને આવેદન આપ્યું. ગીર સોમનાથના કોડીનાર તાલુકાના જંત્રાખડી ગામની ૮ વર્ષીય બાળકી સાથે ગામમાં રહેતા ઈસમે બાળકી સાથે દુષ્કર્મ આચરીને નિર્મમ હત્યાના બનાવને લઈ રાજ્યભરના દશનામ ગૌસ્વામી સમાજમાં પણ આ ઘટનાને લઈ ભારે રોષ જોવા મળ્યો છે. આજરોજ સમાજના આગેવાનો દ્વારા આરોપી શામજી ભીમા સોલંકીને વહેલામાં વહેલી તકે ફાંસીની સજા થાય જેને લઈ ભવિષ્યમાં આવા જઘન્ય અપરાધ કરતાં ઈસમોમાં દાખલો બેસે તેવી માંગ સાથે રાજયના ગૃહમંત્રીને ઉદ્દેશીને આજરોજ મહિસાગર જીલ્લા કલેકટરને આવેદન આપવામાં આવ્યું.

# લુણાવાડા તાલુકાના ભાગલીયા ગામે વેરાઈ માતા અને નાગણેશ્વર માતાનો ત્રીજો પાટોત્સવ ઉજવાયો

મલેકપુર,

નાના ભાગલીયા ગામે ગામ ખેડા માતા વેરાઈ માતા તથા કુળદેવી નાગણેશ્વરી માતાનો ત્રીજો પાટોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પાટોત્સવ નિમિત્તે ૧૧ કુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ દિવસે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી અને બીજા દિવસે ૧૧ કુંડી મહા યજ્ઞ કરી અને પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. જેમાં સમસ્ત ગામના ભક્તો જોડાયા હતા. નાના ભાગલીયા મુકામે ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો. જેમાં પંચમહાલ ઝોનના રતનજી રામજીભાઈ ગરાસિયા, જિલ્લા સંયોજક જેઠાભાઈ પટેલ ઉપસ્થિત રહીને ગુરૂદેવનો સંદેશો પાઠવ્યો હતો અને આ કાર્યક્રમનું સંચાલન લાલજીભાઈ ખાંટ, મનહરસિંહ પરમાર અમે મહિલા ગાયત્રી પરિવારના મીનાબેન સિસોદિયાએ નારી શક્તિ વિશેની વાત કરી હતી. નરવતભાઈ માલીવાડ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમના દાતા એ ભોજન તેમજ તમામ વ્યવસ્થા લક્ષ્મણભાઈ માલીવાડ દ્વારા કરવામાં આવી હતી. સમાજમાં જાગૃતિ લાવીએ અને ભક્તિમય માહોલ બનાવી આ કાર્યક્રમમાં મહીસાગર જિલ્લાના લુણાવાડા, તાલુકો ખાનપુર તાલુકો તેમજ કરણા તાલુકો અને સંતરામપુર તાલુકો જેવા વિવિધ તાલુકાઓમાંથી ગાયત્રી પરિવારના યુવાનો વડીલો બહેનો આવી હતી અને ખૂબ સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે અને સાંજના ૫:૦૦કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.



તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

# શહેરાના જુના બીલીયા ગામેથી બે ઈસમોને જુગાર રમતા ઝડપ્યા

શહેરા,

શહેરા તાલુકાના જુના બીલીયા ગામે જાહેરમાં જુગાર રમતા હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી બે ઈસમોને ૧૦૫૦/-રૂપીયા સાથે ઝડપી પાડવામાં આવ્યા. જ્યારે પાંચ ઈસમો નાશી છુટતાં વોન્ટેડ જાહેર કરી ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે શહેરા તાલુકાના જુના બીલીયા ગામે જાહેરમાં જુગાર રહતા હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમ્યાન પ્રદિપ સનસિંહ સોલંકી, રમેશ ચૌહાણને ઝડપી પાડવામાં આવ્યા. ઝડપાયેલ ઈસમો પાસેથી દાવ ઉપર મુકેલ અને અંગઝડતીમાં ૧૦૫૦/-રૂપીયા જપ્ત કરવામાં આવ્યા. જ્યારે મહેશ ભોઈ, જયેશ માછી, ભલાભાઈ માછી, મફતભાઈ માછી, રવિન્દ્ર માછી, મહેશ માછી નાશી છુટતા આ ઈસમો સામે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધી વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા.

# પંચમહાલ જિલ્લામાં ઔદ્યોગિક રોજગાર ભરતીમેળાનું કરાશે આયોજન

ગોધરા,

| તારીખ | ઔદ્યોગિક રોજગાર ભરતી મેળા સ્થળ | સમય |
|---|---|---|
| ૧૭-૦૬-૨૦૨૨ | સરકારી આઈ.ટી.આઈ - ઘોઘંબા.તા.ઘોઘંબા | સવારે ૧૦ :૩૦ કલાકે |
| ૨૨-૦૬-૨૦૨૨ | સરકારી આઈ.ટી.આઈ - શહેરા.તા.શહેરા | સવારે ૧૦ :૩૦ કલાકે |
| ૨૪-૦૬-૨૦૨૨ | સરકારી આઈ.ટી.આઈ - મોરવા હડફ.તા. મોરવા હડફ | સવારે ૧૦ :૩૦ કલાકે |
| ૧૩-૦૭-૨૦૨૨ | સરકારી આઈ.ટી.આઈ - ગોધરા.તા.ગોધરા | સવારે ૧૦ :૩૦ કલાકે |
| ૨૦-૦૭-૨૦૨૨ | સરકારી આઈ.ટી.આઈ - જાંબુઘોડા.તા. જાંબુઘોડા | સવારે ૧૦ :૩૦ કલાકે |
| ૨૨-૦૭-૨૦૨૨ | સરકારી આઈ.ટી.આઈ - પાવાગઢ.તાહાલોલ | સવારે ૧૦ :૩૦ કલાકે |

જિલ્લા રોજગાર વિનિમય કચેરી, પંચમહાલ દ્વારા જુન તથા જુલાઈ માસમાં નીચે જાણાવેલ તારીખ, સ્થળ અને સમયે મહિલા તથા પુરૂષ ઉમેદવારો માટે તાલુકા ક્ક્ષાના ઔદ્યોગિક રોજગાર ભરતીમેળો અને સ્વરોજગાર માર્ગદર્શન સેમિનારનું આયોજન કરેલ છે. જેમાં ઉમેદવારોને અનુબંધમ પોર્ટલ રજીસ્ટ્રેશન માર્ગદર્શન, તેમજ સ્વરોજગારલક્ષી એજન્સી દ્વારા સ્વરોજગાર લક્ષી લોન સહાય યોજના અંગેનું માર્ગદર્શન આપવામાં આવશે. તેમજ ભરતીમેળામાં ખાનગી ક્ષેત્રમાં રોજગારીની તક માટે ધોરણ.૧૦પાસ, ધોરણ ૧૨પાસ, આઈ.ટી.આઈ,ડીપ્લોમા,ગ્રેજ્યુએટ લાયકાત ધરાવતા મહિલા તથા પુરૂષ ૧૮ થી ૩૫ વર્ષ વય મર્યાદા ધરાવતા અનુભવી, બિન-અનુભવી ઉમેદવારોને ખાનગી ક્ષેત્ર માં રોજગારીની તક/સ્વરોજગારી તક પૂરી પાડવામાં આવશે.

આ ભરતીમેળામાં પંચમહાલ,વડોદરા.આંણદ તથા અમદાવાદ જીલ્લાના નોકરીદાતા દ્વારા ટેકનીકલ તથા નોન ટેકનીકલ તેમજ લાયકાત અને અનુભવ મુજબની સેલ્સ, ઓફીસ એક્ઝીક્યુટીવ, ટેલીકોલર, મશીન ઓપરેટર, લાઈન ઓપરેટર, સિલાઈ મશીન ઓપરેટર, ટ્રેની, હેલ્પરની જગ્યાઓ માટે નોકરીદાતા દ્વારા ઈન્ટરવ્યુ પ્રક્રિયા કરવામાં આવશે. ઔદ્યોગિક રોજગાર ભરતીમેળામાં ભાગ લેવા માંગતા અને રોજગાર કચેરીની સેવાઓનો અવિરત લાભ લેવા માટે અનુબંધમ પોર્ટલ https://anubandham.gujarat.gov.in વેબસાઈટ પર જોબસીકર તરીકે રજીસ્ટ્રેશન કરાવવા તથા ઔદ્યોગિક રોજગાર ભરતીમેળામાં ભાગ લેવા રોજગાર અધિકારી એ.એલ.ચૌહાણે એક અખબારી યાદીમા જણાવેલ છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૩ જિલ્લાની મુલાકાત લીધી, વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ અને ભૂમિપૂજન કર્યું

ગાંધીનગર,

ભૂપેન્દ્ર પટેલે ૩ જિલ્લાનો પ્રવાસ કર્યો હતો અનેં સુરેન્દ્રનગર, અમદાવાદ અને ભરૂચ જિલ્લામાં યોજાનારા વિવિધ કાર્યક્રમોમાં મુખ્યમંત્રી ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ગુરૂવારના રોજ વિકાસના કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. મુખ્યમંત્રી ગુરૂવારની સવારના ૧૦ કલાકે સુરેન્દ્રનગરના પાટડીના કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યમાં કુલ ૧૩ સબ સ્ટેશનનું લોકાર્પણ મુખ્યમંત્રી દ્વારા કુલ ૧૩૪ કરોડથી વધુના વિકાસ કાર્યોનું ભૂમિપૂજન અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રૂપિયા ૩.૬૪ કરોડના ખર્ચે બનેલુ સુરજમલજી હાઈસ્કૂલના નવીનતમ ભવનનું CM ઉદ્ઘાટન કર્યું હતું. આ સાથે ૪ સબ સ્ટેશન સહિત રાજ્યમાં કુલ ૧૩ સબ સ્ટેશનનું લોકાર્પણ મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

અમદાવાદ જિલ્લામાં આવેલા વિરમગામ પંચાયત ભવનનું મુખ્યમંત્રીએ લોકાર્પણ કર્યું હતું આ સાથે વિરમગામ ખાતે અમદાવાદ જિલ્લાના પદાધિકારીઓ સાથે મુખ્યમંત્રી બેઠક પણ કરી હતી. આ ઉપરાંત ભરૂચ જિલ્લામાં આવેલા વાગરા ગામ ખાતે વિકાસ કાર્યોનુંમુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીના હસ્તે એમએસએમઈ એકમોના સહાય ચેકનું વિતરણ કરાયું આ સાથે રૂપિયા ૮૮૧ કરોડના ખર્ચે બનાવવામાં આવેલું ડિસેલિનેશન પ્લાન્ટનું મુખ્યપ્રધાન દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ સાથે મુખ્યપ્રધાને અંકલેશ્વર વિભાગીય કચેરીનું લોકાર્પણ કર્યું હતું.

# આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે સારા પરિણામનો છે. તમે પૈસા કમાવવાની ઘણી રીતો જોશો. તમારી અને ભાગીદારોની કમાણી કરવાની કોઈ બાબતે અલગ પડી શકો છે. કોઈપણ સ્પર્ધામાં વિજય મળશે.

વૃષભ : આજનો દિવસ તમને ઉર્જા આપશે અને તમારામાં ઘણી શક્તિ અને ઉત્સાહ રહેશે. આજે ઘણું કામ સંભાળવાની તૈયારી છે. પરંતુ તમારા ક્ષેત્રમાં કામ તે ગતિએ ચાલશે નહીં. જો તમે બધી વસ્તુઓ તમારા નિયંત્રણમાં લેશો તો તમને સારું આઉટપુટ મળશે.

મિથુન : આજે તમારા માટે ઉતાર-ચઢાવનો દિવસ રહેશે અને તમારે મહેનતથી કામ કરવાની જરૂર છે. આ સમયે તમારા વ્યવસાયમાં ઉતાર-ચઢાવને સંભાળવાની જરૂર છે. જો તમે તમારા સાથીદારો અને વરિષ્ઠ અધિકારીઓ સાથે દલીલ નહીં કરો તો તમને ફાયદો.

કર્ક : આજનો દિવસ તમારા માટે થોડો નિરાશાજનક બની શકે છે. તમે ઈચ્છતા ના હોવ ત્યારે પણ ઘણી વાર તમે તે તબક્કામાં ફસાઈ જાવ છો જ્યાં ખૂબ લડવું પડે છે. આજે પણ આવી જ કેટલીક વ્યાવસાયિક મૂંઝવણ તમને પરેશાન કરી રહી છે.

સિંહ : આજનો દિવસ તમારા માટે સારો છે. અચાનક કેટલાંક જટિલ કાર્ય પૂરા થશે. જો તમે જીવન યોગ્ય રીતે જીવવા માગો તો તમારા જીવનસાથી સાથે પ્રમાણિક રહેવું જોઈએ. આજે જેઓ નોકરીમાં છે.

કન્યા : આજનો દિવસ અન્ય દિવસો કરતા થોડો સખત રહેશે અને આજે સવારથી જ કંઈક વિચિત્ર વાતાવરણ તમારી આસપાસ રહેશે. આજે કોઈપણ પ્રકારની મૂંઝવણ તમને પરેશાન કરી શકે છે.

તુલા : આજનો દિવસ તમારા ધંધા માટે હળવાશનો રહેશે. આજે શેર બજાર અથવા સટ્ટામાં રોકાણ કરશો નહીં. તમને ભારે નુકસાન થઈ શકે છે. તમે તમારા જૂના વ્યવસાયની રીત પર ઉતરશો તે વધુ સારું છે અને જો તમે ખંતથી કામ કરો છો તો તમને ફાયદો થશે.

વૃશ્ચિક : તમારા માટે આજનો દિવસ ખાસ છે. તમારી કાર્ય કરવાની રીત કંઈક નવી છે અને તમને આ રીતે લાભ મળી શકે છે. કોઈ પણ જટિલ કાર્ય સરળતાથી પૂર્ણ કરવામાં તમને સમય લાગતો નથી.

ધનુ : આજનો દિવસ તમારા માટે વ્યસ્ત રહેશે અને તમને કોઈ મહત્વના કામ પણ સોંપવામાં આવી શકે છે. તમારે કોઈ શંકા અને વિચારણા કર્યા વિના તમારી ફરજમાં રોકાયેલા રહેવું જોઈએ.

મકર : આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેશે અને કોઈ ભારે કામ સંબંધિત પોતાના કામમાંથી વિરામ લેવો પડી શકે છે. જો તમે ઉદ્યોગ ચલાવી રહ્યા છો તો નાના કર્મચારીઓની પ્રવૃત્તિઓ પર નજર રાખવાનું ભૂલશો નહીં. પૈસાની લેવડ-દેવડમાં ખાસ ધ્યાન રાખવું.

કુંભ : આ દિવસે તમે ખૂબ કંટાળો અનુભવશો અને લાંબા સમય સુધી સંઘર્ષ કર્યા બાદ હવે તમને લાગશે કે તમારે ક્યાંક બેસીને એકાંતમાં થોડો સમય પસાર કરવો જોઈએ. તમારા સ્વાસ્થ્ય પર વધુ ધ્યાન આપવાનો આ સમય છે.

મીન : આજનો દિવસ તમારા માટે વિશેષ છે અને આજે તમે દરેક ક્ષેત્રમાં પ્રભુત્વ મેળવશો અને લોકો તમારી પ્રશંસા કરશે. તમારો મિલનસાર સ્વભાવ તમને સમાજ, ઘર અને કાર્યસ્થળમાં લોકપ્રિય બનાવશે. તમે સારા અધિકારી બની શકો છો. મહિલાઓ માટે પણ આજનો દિવસ ખાસ છે.


# ઉત્તરપ્રદેશમાં બુલડોઝર કાર્યવાહી ચાલુ રહેશે, સુપ્રીમ કોર્ટે હાલ રોક લગાવવાની ના પાડી

નવીદિલ્હી,

ઉત્તર પ્રદેશમાં બુલડોઝર દ્વારા જે કાર્યવાહી થઈ રહી છે તેના પર રોક લગાવવા માટે સુપ્રીમ કોર્ટમાં કરાયેલી અરજી પર આજે સુનાવણી થઈ. સુપ્રીમ કોર્ટે આ પ્રકારની કાર્યવાહી પર રોક લગાવવાનો ઈક્રાર કર્યો છે. કોર્ટે કહ્યું કે બુલડોઝરની કાર્યવાહી પર રોક લગાવી શકાય નહીં. કોર્ટે યુપી સરકારને આ મામલે ૩ દિવસમાં જવાબ આપવાનું કહ્યું છે. જમીયત ઉલેમા એ હિન્દ દ્વારા પ્રયાગરાજની બુલડોઝર કાર્યવાહી પર રોક લગાવવા માટે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરાઈ હતી.

સુનાવણી દરમિયાન વરિષ્ઠ વકીલ હરીશ સાલવે એ સુપ્રીમ કોર્ટમાં કહ્યું કે જે કેસમાં કાર્યવાહી થઈ છે તેમાં પહેલેથી નોટિસ આપવામાં આવી હતી. પછી ભલે તે પ્રયાગરાજની હોય કે કાનપુરની. સુનાવણી દરમિયાન યુપી સરકાર તરફથી SG તુષાર મહેતાએ કહ્યું કે દિલ્હીના જહાંગીરપુરીવાળા કેસમાં પણ અમારું આ જ સ્ટેન્ડ હતું. ડિમોલિશનથી પ્રભાવિત કોઈ પક્ષ આવ્યો નથી.





તેમણે કહ્યું કે જમીયત ઉલેમા એ હિન્દે અરજી દાખલ કરી જે સીધી રીતે પ્રભાવિત નથી. જેના પર કોર્ટે કહ્યું કે પ્રભાવિત/પક્ષકારની વાત હાલ ન કરો. જ્યારે એક રાજકીય પક્ષ અરજી દાખલ કરે છે ત્યારે તેમના પોતાના નિહિત સ્વાર્થ હોય છે. વરિષ્ઠ વકીલ હરીશ સાલવેએ પણ એસજીની વાતને ઉઠાવી અને કહ્યું કે કોર્ટે જોવું જોઈએ કે અરજીકર્તા કોણ છે. કેટલાક લોકો ફક્ત અખબારના રિપોર્ટ જોઈને અરજી કરી નાખે છે.

જમીયત ઉલેમા-એ-હિંદના વડા મૌલાના અરશદ મદનીએ મુસ્લિમોની સંપત્તિને નુકસાન પહોંચાડવાની કાર્યવાહી સામે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો છે. તેની અરજીમાં જમીયત ઉલેમા-એ-હિંદે યુપી સરકારને ડિમોલિશન અભિયાન પર રોક લગાવવા માટે નિર્દેશ આપવાની માંગ કરી છે અરજીમાં યુપી સત્તાવાળાઓને યોગ્ય પ્રક્રિયાને અનુસર્યા વિના રાજ્યમાં મિલકતો પર કોઈ પગલાં ન લેવાનો નિર્દેશ આપવાની માંગ કરવામાં આવી છે. આ મામલો હવે આવતા અઠવાડિયે સુનાવણી માટે આવશે. અગાઉ, સુપ્રીમ કોર્ટે સુનાવણી દરમિયાન કહ્યું હતું કે યોગ્ય પ્રક્રિયાને અનુસર્યા વિના ડિમોલિશનની કાર્યવાહી થઈ શકે નહીં.

યુપી સરકારે સુનાવણી દરમિયાન રેખાંકિત કર્યું હતું કે કોઈ સમુદાયને નિશાન બનાવવાનો કોઈ કેસ નથી, નોટિસ આપવામાં આવી હતી અને પ્રયાગરાજ અને કાનપુરમાં તોડી પાડવાના તમામ કેસોમાં યોગ્ય પ્રક્રિયાને અનુસરવામાં આવી હતી. અગાઉ, અરજદારો તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ સી.યુ. સિંહે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે, તોડી પાડવાનું કારણ એ હતું કે હિંસામાં સામેલ પ્રદર્શનકારીઓ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી રહી છે. સિંહે દલીલ કરી હતી કે ડિમોલિશન (બુલડોઝર એક્શન) જે વારંવાર થાય છે તે આઘાતજનક અને ભયાનક છે. તે કટોકટી દરમિયાન નહોતું, આઝાદી પૂર્વેના યુગમાં પણ નહોતું. આ ૨૦ વર્ષથી વધુ સમયથી ઉભેલા મકાનો છે અને કેટલીકવાર તે આરોપીઓના નહીં પણ તેમના વૃદ્ધ માતા-પિતાના પણ હોય છે.

ઉત્તર પ્રદેશ સરકાર વતી, સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે અસરગ્રસ્ત પક્ષકારોમાંથી કોઈએ જહાંગીરપુરી અતિક્રમણ કેસમાં સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી નથી અને જમિયત-ઉલેમા-એ-હિંદ દ્વારા જે દાખલ કરવામાં આવી છે તે અહીં છે. સોલિસિટર જનરલે કહ્યું કે અમે સ્પષ્ટતા કરી છે કે કોઈ કાનૂની માળખું કે ઈમારત તોડી પાડવામાં આવી નથી. સોલિસિટર જનરલે જણાવ્યું હતું કે મિલકત કયા સમુદાયની છે તે જોયા વિના જહાંગીરપુરી વિસ્તારમાં સ્ટ્રક્ચરને દૂર કરવામાં આવ્યું હતું. આવી કાર્યવાહી યોગ્ય પ્રક્રિયા સાથે ચાલી રહી છે અને તાજેતરનું ડિમોલિશન તેનું ઉદાહરણ હતું. યોગ્ય કાર્યવાહીનું પાલન કરવામાં આવ્યું છે આ કેસમાં આગામી સુનાવણી હવે આવતા મંગળવારે થશે. સુપ્રીમ કોર્ટે યુપી સરકારને કહ્યું કે તોડફોડની કોઈ પણ કાર્યવાહી કાયદાકીય પ્રક્રિયાથી થવી જોઈએ. કોર્ટે એમ પણ કહ્યું કે એવા પણ રિપોર્ટ છે કે આ બદલાની કાર્યવાહી છે. હવે એ કેટલું સાચું છે તે અમને ખબર નથી. આ રિપોર્ટ્સ સાચા પણ હોઈ શકે અને ખોટા પણ. જો આ પ્રકારે વિધ્વંસ થાય તો ઓછામાં ઓછું જે પણ થઈ રહ્યું છે તે કાયદાકીય પ્રક્રિયા મુજબ થવું જોઈએ.

## દે.બારિયા તાલુકાના નાની અસાયડી ગામે

# પ્રાથમિક શાળાના ઓરડાના અભાવે બાળકોને પડતી હાલાકી એક જ ઓરડામાં શૈક્ષણિક કાર્ય ચાલતું હોવાથી ગ્રામજનોએ તાળાબંધી કરી

દાહોદ,
દેવગઢ બારિયા તાલુકાના નાની અસાયડી ગામે પ્રાથમિક શાળામાં એક થી આઠ વર્ગની વચ્ચે એક જ વર્ગખંડ ચાલુ હોવાથી ગ્રામજનોએ અનેક રજૂઆતો કરી હતી જાણે તંત્રના પેટનું પાણી ન હાલતા આખરી ગ્રામજનોએ તાળાબંધી કરતાં તંત્ર દોડતું થયું.

પ્રાપ્ત વિગતો અનુસાર દેવગઢ બારિયા તાલુકાના નાની અસાયડી ગામે આવેલ પ્રાથમિક શાળામાં એક થી આઠ ધોરણ આવેલા છે. જેમાં કુલ ૧૪૪ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ત્યારે આ પ્રાથમિક શાળામાં બાળકોને બેસવા માટે ત્રણ ઓરડા હતા તે પછી બે ઓરડા એકદમ કરી તેને તોડી પાડવામાં આવ્યા હતા અને ત્યાર પછી આ એક થી આઠ ધોરણ વચ્ચે એક જ ઓરડો વધતાં ગ્રામજનોએ પોતાના બાળકોને પૂરતું શિક્ષણ મળી રહે તે માટે આ એક ઓરડાને લઈ અનેક લેખિત રજૂઆતો કરી હતી. જે લેખિત રજૂઆતમાં શાળામાં ઓરડાનો અભાવ તેમજ શૌચાલયનો પણ અભાવ હોવાનું લેખિતમાં જણાવ્યું હતું અને બાળકોના ભવિષ્ય સાથે ચેડા થતા હોય તેમ જોવાઈ રહ્યું હતું. જેને લઈ લેખિત રજૂઆતમાં સત્વરે જો ઓરડા બાબતેની કોઈ કાર્યવાહી હાથ ધરવામાં નહીં આવે તો આ



એક ઓરડાને તાળાબંધી કરવાની પણ ચીમકી ઉચ્ચારી હતી. તેમ છતાં તાલુકા શિક્ષણ અધિકારી દ્વારા કોઈપણ જાતના યોગ્ય પગલાં ભરવામાં ન આવતા આખરે એક જ વખતમાં ૧ થી ૮ ધોરણના બાળકોને બેસાડવા બાબતને નહીં અને બાળકોના ભવિષ્ય સાથે ચેડાં થતા હોય તેમજ શિક્ષણનો અભાવ રહેતો હોવાથી ગ્રામજનો આજરોજ એક વર્ગખંડને તાળું મારી શિક્ષણનો બહિષ્કાર કર્યો હતો. વર્ગખંડની તાળાએ માર્યા હોવાની વાત તાલુકા શિક્ષણ અધિકારીને થતા તેઓ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયા હતા. ત્યારે આ બનાવની જાણ જિલ્લા શિક્ષણ અધિકારીને થતા તેઓ પણ દોડી આવ્યા હતા. ત્યારે ૧ થી ૮ ધોરણની આ પ્રાથમિક શાળામાં સ્ટાફ ગણ પૂરેપૂરો હોય જે દિવસ દરમિયાન કયા બાળકને કેટલું શિક્ષણ પૂરૂં પાડતું હશે તેવા પણ અનેક સવાલો ઉઠવા પામ્યા છે. ત્યારે ગ્રામજનોની અનેક રજૂઆતો કરવા છતાં પણ જાણે તંત્રના પેટનું પાણી ન આવ્યો હોય તેમ જણાઈ રહ્યું છે

- ૧ થી ૮ ધોરણ ની પ્રાથમિક સરકારી શાળા.
- ૧૪૪ કુલ વિદ્યાર્થીઓ.
- એક થી આઠ ના વર્ગમાં એક જ વર્ગ ચાલુ હોવાથી વાલીઓમાં રોષ.
- અનેક રજૂઆતો કરવા છતાં પણ તંત્રના પેટનું પાણી ન હા સેલતા આખરે ગ્રામજનોએ તાળાબંધી કરતાં તંત્ર દોડતું થયું.
- તાલુકા શિક્ષણ અધિકારી થી લઈ જિલ્લા શિક્ષણ અધિકારી દોડતા થયા.

અને તાળા બંદી કરવાથી ઉચ્ચ સ્તરના અધિકારીઓ પણ સ્થળ પર દોડી આવ્યા હતા. ત્યારે હાલા ગ્રામજનોની માંગણીને ધ્યાને રાખી નવા વર્ગખંડ બનાવવાની મંજૂરી આપવામાં આવશે કે કેમ તે પણ જોવાનું રહ્યું. ત્યારે દેવગઢ બારીયા તાલુકામાં અને કેવી પ્રાથમિક શાળાઓ આવેલી છે કે જે જર્જરિત હાલતમાં જોવાય આવે છે. ત્યારે કેટલીક પ્રાથમિક શાળાઓમાં આવી રીતે એક જ ઓરડામાં અનેક બાળકોને અભ્યાસ કરતા હોવાનું પણ કહેવાય રહ્યું છે. તો સરકાર દ્વારા શિક્ષણને લઈ અનેક ટેકનોલોજીથી બાળકોને સારૂં ભણતર મળી રહી તેવા પ્રયાસો હાથ ધરી રહી છે. ત્યારે દેવગઢ બારીયા તાલુકામાં અને પ્રાથમિક શાળાઓમાં બેસવા માટે વર્ગખંડમાંથી ત્યારે તે બાબતે સરકાર યોગ્ય કાર્યવાહી કરશે કે કેમ તે જોવાનું રહ્યું.

## ઝાલોદ શહેરમાં સ્વેચ્છાએ દબાણો દૂર કરવા નગરપાલિકા દ્વારા નાનાં દબાણ કરતા લોકોને નોટિસ આપી

### પાકાં દબાણ કારો અને મોટાં દબાણ કારો દૂર કરવાં નોટિસ કેમ નથી અપાતી તેવા નગરપાલિકા પર અનેક સવાલો ઉઠવા પામ્યા...

દાહોદ,
ઝાલોદ શહેરમાં એવા અનેક સ્થળો પર ગેરકાયદેસર દબાણો દૂર કરવામાં આવતાં નથી અને નગરપાલિકા દ્વારા નાના કેબિન અને હાથલારી વાળા અને પથારા વાળાનું દબાણ દેખાતું હોય છે અને મોટા ગેરકાયદેસર દબાણો જોવાતા જ નથી એવું લાગે છે.

ઝાલોદ શહેરમાં નાનાં કાચા દબાણો કામચલાઉ હોય છે. તેવાં દબાણ કારો સ્વેચ્છાપૂર્વક દૂર કરતા હોય છે. ત્યારે મોટા અને પાકાં દબાણો વર્ષોથી અને આજદિન સુધી યથાવત છે. ત્યારે સરકારી તંત્ર દ્વારા મોટા દબાણ કારોને આજદિન સુધી હટાવી શક્યું નથી. ત્યારે હવે દબાણ




ઝુંબેશમાં મોટા દબાણકારોને હટાવી શકશે...? કે પછી તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવશે તેવી લોક ચર્ચાઓ થઈ રહી છે.

ત્યારે ઝાલોદ શહેરમાં નકશા મુજબ દબાણો દૂર કરવામાં આવે તો અનેક ગેરકાયદેસર બાંધકામ તેમજ કોમન પ્લોટો પર પણ ગેરકાયદેસર બાંધકામ નીકળી શકે તેમ છે. ત્યારે સરકારી જમીનો પણ નીકળી શકે તેમ છે. સામાન્ય પ્રજાની એવી માંગ છે કે, ઝાલોદ શહેરમાં નકશા મુજબ દબાણો દૂર કરવામાં આવે તો અનેક મોટા ભાગના દબાણો દૂર થઈ શકે તેમ છે, આવું થશે તો જ ઝાલોદ શહેરની પ્રજાને ટ્રાફિક સમસ્યાથી છુટકારો મળી શકે તેમ છે. ત્યારે મોટા દબાણકારોને હટાવવા માટે સામાન્ય પ્રજાની માંગ ઉઠવા પામી છે. હવે જોવાનું રહ્યું કે, જીલ્લા કલેકટર દ્વારા ઝાલોદ શહેરમાં દબાણો નકશા મુજબ દૂર કરવામાં આવે છે કે પછી નકશા વગર દૂર કરવામાં આવે છે. એ તો જોવાનું રહ્યું આમ આખા દાહોદ જિલ્લામાં ચર્ચાનો વિષય બનવા પામ્યો છે.

## દાહોદ જિલ્લામાં બે જુદા જુદા સ્થળોએ સર્જાયેલ માર્ગ અકસ્માતના બે બનાવોમાં એક બાળકી સહિત બે વ્યકિતઓના મોત

દાહોદ,
માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ દાહોદ તાલુકાના ગમલા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૫મી જુનના રોજ એક ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ફોર વ્હીલર ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી તે સમયે ત્યાંથી પસાર થઈ રહેલ ગમલા ગામે કમળી ફળિયામાં રહેતાં બાળકી ધ્વનીબેનને અડફેટમાં લેતાં ધ્વીનીબેનને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમને તાત્કાલિક સારવાર અર્થે નજીકના દવાખાને ખસેડવામાં આવતાં સારવાર દરમ્યાન ધ્વનીબેનનું મોત નીપજ્યું હતું. આ સંબંધે ગમલા ગામે કમળી ફળિયામાં રહેતાં કબુબેન દિનેશભાઈ બારીયાએ કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ ઝાલોદ તાલુકાના કાળીમહુડી ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૪મી જુનના રોજ હાઈવે રોડ પર એક એક આઈસરના ચાલકે પોતાના કબજાની આઈસર ગાડી સાંજના સાડા સાતેક વાગ્યાના આસપાસ હાઈવે રોડ રેડની બાજુમાં અન્યની જીંદગી જોખમાય તે રીતે રસ્તાની સાઈડમાં સાઈડ લાઈટો કે અન્ય કોઈ માધ્યમ વગર પાર્ક કરતાં તે સમયે ત્યાંથી પસાર થઈ રહેલ ઈશ્વરભાઈ લાલજીભાઈ પરમાર (રહે. કાળીમહુડી, રવજી ફળિયુ, તા. ઝાલોદ, જિ.દાહોદ) આ આઈસરની પાછળ ધડાકાભેર અથડાતા તેઓને શરીરે હાથે પગે અને માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેઓનું મોત નીપજ્યું હતું. આ સંબંધે ઝાલોદ તાલુકાના કાળીમહુડી ગામે રવજી ફળિયામાં રહેતાં રણજીતભાઈ ઈશ્વરભાઈ પરમારે લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ જિલ્લામાં સૌપ્રથમ ૧૨ ફૂટ ઊંચા અશોક સ્તંભની સ્થાપના દેવગઢ બારીયામાં લોકાર્પણ




તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
દેવગઢ બારીયા નગરપાલિકા દ્વારા વિવિધ વિકાસના કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. જેમાં નગરમાં સ્મશાન બાગ બગીચા ટાવર અને વિવિધ સર્કલ નવીનીકરણની કામગીરી પણ ચાલી રહી છે. જેમાં પોલીસ સ્ટેશન અને કોર્ટની સામેના ભાગે આવેલ વિસ્તારમાં રાષ્ટ્રીય ચિન્હ અશોક સ્થભ ત્રણ સિંહની પ્રતિમાં મૂકી સત્યમેવ જયતે સર્કલનું નામકરણ આપી તેનું લોકાર્પણ આજરોજ ગુજરાત સરકારના મંત્રી કુબેરભાઈ ડીડોરના હસ્તે અને દાહોદ જિલ્લા સાંસદ જશવંતસિંહ ભાભોર, ધારાસભ્ય બચુભાઈ ખાબડ, શૈલેશભાઈ ભાભોર, જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા, જિલ્લા ભારતીય ભારતીય જનતા પાર્ટી પ્રમુખ શંકરભાઈ અમલીયાર, મહામંત્રી નરેન્દ્ર ભાઈ સોની ઉપસ્થિત રહ્યા હતા. સાથે દેવગઢ બારીયા નગરપાલિકા દ્વારા બનાવેલ સર્કલનું નામકરણ સત્યમેવ જયતે સર્કલ નગરપાલિકાના પ્રમુખ ડોક્ટર ચાર્મી નીલ સોની દ્વારા આપવામાં આવ્યું હતું તથા સમગ્ર દાહોદ જિલ્લામાં સૌપ્રથમ ૧૨ ફૂટ ઊંચો અશોક સ્તંભની પ્રતિમાં દેવગઢબારિયામાં મુકાય છે. નગરપાલિકાના કારોબારી ચેરમેન સજનબા ગોહિલ ગજેન્દ્રભાઈ પરમાર ઈકબાલભાઈ પટેલ આંબા મોહનીયા ને સદસ્યો અને પાર્ટી પ્રમુખ મુકેશભાઈ પટેલ મુકેશભાઈ વાસણવાળા, રદયકાન્ત દેવગઢ બારીયાસહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દાહોદ જિલ્લાના અંતરિયાળ વિસ્તારના ખેલાડીઓને આ સ્પર્ધાથી રાજ્ય તેમજ દેશ કક્ષાએ પોતાની પ્રતિભા બહાર લાવવાનો મોકો મળશે : સાંસદ



દાહોદ,
દાહોદ શહેરના સીટી ગ્રાઉન્ડ ખાતેથી દાહોદ જિલ્લાના સાંસદ દ્વારા ખેલ સ્પર્ધાનું વિવિધ રમતોના ઉદ્ઘાટન સાથે રમતોને રમતવીરો માટે ખુલ્લુ મુક્યું હતું. આ કાર્યક્રમમાં ભાજપાના અગ્રણીઓ સહિત કાર્યકર્તાઓ તેમજ ખેલાડીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં.

દાહોદમાં સાંસદ જસવંતસિંહ ભાભોરે સાંસદ ખેલ સ્પર્ધાનું દાહોદ સીટી ગ્રાઉન્ડ ખાતેથી ઉદ્ઘાટન કર્યું. દાહોદ દાહોદ જિલ્લા દાહોદ જિલ્લા ભાજપા પ્રમુખ શંકરભાઈ આમલીયાર, પંચાયતના પ્રમુખ શીતલબેન વાઘેલા, નગરપાલિકાના પ્રમુખ રીનાબેન પંચાલ, શહેર ભાજપ પ્રમુખ પ્રશાંતભાઈ દેસાઈ, શહેર પ્રભારી ભરતસિંહ સોલંકી, જિલ્લા પંચાયતના સભ્ય સુધીરભાઈ લાલપુરવાલા તેમજ મહાનુભવો તેમજ કાર્યકર્તાઓ હાજર રહ્યાં હતાં. ક્રિકેટમાં લગભગ ૧૮ જેટલી ટીમોએ ભાગ લીધો છે. વોલીબોલનું પણ અલગ આયોજન કરવામાં આવેલ છે. કબડ્ડી પણ સાંસદ ખેલ સ્પર્ધાના અનુસંધાને ત્રિવેણીના મેદાનમાં શરૂઆત કરવામાં આવી હતી. ત્રણેય જગ્યાએ સાંસદ જસવંતસિંહ ભાભોર જઈને રમતોનો શુભઆરંભ કરાવ્યો હતો. દાહોદ શહેરના મોટાભાગના રમતવીરો હાજર રહ્યાં હતાં. કાર્યક્રમની શરૂઆત માં ભારતીની આરતી સાથે કરવામાં આવી હતી.

## ડુંગળીના ભાવો ખેડુતોને રડાવ્યા કેમ...?

## ઓરંગાબાદમાં ડુંગળીનો ભાવ ૧ કિલોના ૭૫ પૈસા



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,
કેરાલા યુપી અને બિહાર, હિમાચલ પ્રદેશ અને કર્ણાટક જેવા રાજ્યોમાં ખેડુતોને ડુંગળી માટે સારા ભાવ મળી રહ્યા છે. ત્યારે દેશમાં કુલ ડુંગળીનું ૪૦ ટકા ઉત્પાદન કરતાં મહારાષ્ટ્ર રાજ્યમાં ખેડુતોની હાલત દયાજનક અને કફોડી બની જવા પામી છે.

મહારાષ્ટ્રના ઓરંગાબાદમાં તો એક તબક્કે એક કિલો ડુંગળીના ૭૫ પૈસા ભાવ રહ્યો હતો. નાસીક જીલ્લામાં પણ ખેડુતોને મળી રહેલા સાવ ઓછા ભાવ ચિંતાનો સબબ અને વિષય બનવા પામ્યો છે. મહારાષ્ટ્રના ડુંગળી ઉત્પાદક સંગઠનના અધ્યક્ષ ભારત દીઘો લેતું કહેવું છે કે, મહારાષ્ટ્ર થી ડુંગળી માટે કેરાલા અને કર્ણાટક રાજ્યમાં ટ્રેન ચલાવવામાં આવે જેથી ખેડુતોને તેમણે ડુંગળીની ખેતી માટે ખર્ચ કરેલા રૂપીયા તો કમ સે કમ મળી રહે ખેડુતોને પ્રતિ કિલો ડુંગળીનો પાક ઉગાડવા માટે ૧૫ થી ૧૮ રૂપીયા ખર્ચવા પડે છે અને અત્યારે તેની સામે ખેડુતોને પ્રતિ ૧ કિલોના ૧ રૂપીયા થી ચાર રૂપીયા મળી રહ્યા છે. આથી, ડુંગળી એવા રાજ્યોમાં મોકલવાની વ્યવસ્થા કરવામાં આવે જ્યાં ડુંગળીના સારા ભાવ મળી રહે તેમનું કહેવું કે જો મહારાષ્ટ્ર સરકાર ડુંગળીના સારા ભાવ ના અપાવી શકે તો તેમણે ડુંગળી સ્ટોરેજ બનાવવા માટે મદદા આપવી જોઈએ. સ્ટોરેજ બનાવવા માટે રાજ્ય સરકાર ૮૭,૦૦૦/–રૂપીયાની જગ્યાએ બે લાખ રૂપીયા પ્રતિ ખેડુતોને મદદ કરવી જોઈએ. જેથી ખેડુતોને સ્ટોરેજના અભાવે મજબુરીમાં સસ્તા ભાવે ડુંગળી વેચવીના પડે. સરકારે ૨૦૨૧–૨૨માં ૩૧૧ મિલિયન ટન ડુંગળીના અનુમાનનો અંદાજ લગાવ્યો છે. આમ, આ વર્ષમાં ઉત્પાદન વધ્યું છે અને તેના કારણે મહારાષ્ટ્રના ખેડુતોને રડવાનો વારો છે. ખેડુતો તો એમ.એસ.પી. માં માર ખાય છે. સાથે સાથે વધુ ઉત્પાદનનો માર પડે છે. પડતામાં પાટું આ ઉખાણું અહીં સત્ય સાબિત થાય છે. રાજ્ય અને કેન્દ્ર સરકાર એ ખેડુતો માટે કોલ્ડ સ્ટોરેજ બનાવવા જ પડશે નહીં તો ખેડુત મિત્રો ખેતી ત્યજી દેશે તો આપણે ભારત ખેતી પ્રધાન દેશની છાપ ભુલાય ના જાય તેના માટે હમણાંથી નિરાકરણો માટે વિચાર વિમર્શની બેઠકો બોલાવી રહી.

## દાહોદ જિલ્લાના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આયુષ્યમાન ભારત કાર્ડ મેગા કેમ્પ યોજાયો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
દાહોદ જિલ્લાના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આજ રોજ આયુષ્યમાન ભારત કાર્ડ કઢાવવા માટેના મેગા કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં એક જ દિવસમાં ૮૪૧૪ જેટલા કાર્ડનું વિતરણ કરાયું છે.

મેગા કેમ્પ અંતર્ગત દેવગઢ બારીયા તાલુકાના ભથવાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે પૂર્વમંત્રી અને ધારાસભ્ય બચુભાઈ ખાબડે કેમ્પનો પ્રારંભ કરાવ્યો હતો. જેમાં જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન અશ્વિનભાઈ મકવાણા, તાલુકા પંચાયત પ્રમુખ કરણસિંહ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો સી. આર પટેલ, એડીએચઓ ડો કલ્પેશ બારીયા, જિલ્લા પંચાયત સદસ્ય સોનલબેન તથા અન્ય મહાનુભાવો અને લાભાર્થીઓ હાજર રહયા હતા.

આયુષ્યમાન ભારત યોજના દાહોદ જીલ્લાના આદિવાસી વિસ્તારના પરીવારો માટે આશિર્વાદ રૂપ બન્યા છે. આ યોજના અંતર્ગત ૫ લાખ સુધીનો આરોગ્ય વીમો વિના મૂલ્યે આપવામાં આવે છે. જેનાંથી પરીવાર પર અણધાર્યો ખર્ચથી બચી જાય છે. આ મેગા કેમ્પનો ઉદ્દેશ્ય એટલો કે જેમ બને એમ તમામ લાભાર્થીઓ આ યોજનાનું કાર્ડ કઢાવે. આ મેગા કેમ્પ ડ્રાઈવમાં જિલ્લામાં ૮૪૧૪ જેટલા કાર્ડ વિતરણ કરવામાં આવ્યું.

## દાહોદ તાલુકાના રળીયાતી ગામેથી મોટરસાઈકલની ઉઠાંતરી

દાહોદ,
ગત તા.૨૪મી મેના રોજ દાહોદ તાલુકાના નાની ખરજ ગામે ઉચવાસ ફળિયામાં રહેતાં નવીનભાઈ રામુભાઈ ભુરીયા પોતાના કબજાની મોટરસાઈકલ લઈ દાહાદ તાલુકાના રળીયાતી ગામે કોઈ કામ અર્થે આવ્યાં હતાં અને પોતાની મોટરસાઈકલ રળીયાતી ગામે લોક મારી પાર્ક કરી હતી. આ મોટરસાઈકલને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે નવીનભાઈ રામુભાઈ ભુરીયાએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## માનવ કલ્યાણ યોજનાના લાભાર્થી નાગરિકોએ અરજીની પૂર્તતા કરવાની રહેશે

દાહોદ,
જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દાહોદના નાયબ ઉદ્યોગ કમિશનર અને જનરલ મેનેજર એ જણાવ્યું છે કે, અત્રેની કચેરી ખાતે ઈ–કુટીર પોર્ટલ મારફત જે અરજદારો એ માનવ કલ્યાણ યોજનામાં અરજી કરી છે અને તે અરજી વિવિધ કારણોસર પૂર્તતા સારૂં જે તે અરજદારોને પરત કરાઈ છે. તે અરજીમાં પૂર્તતા કરી ઈ–કુટીર પોર્ટલ મારફત અત્રેની કચેરીને મોડામાં મોડી તા.૧૭/૬/૨૦૨૨ સુધીમાં મોકલી આપવી. ઈ–કુટીર પોર્ટલની વેબસાઈટ http://e-kutir.Gujarat.gov.in છે.

## દાહોદ ગૌશાળાની થોડે દુર આવેલ વર્ષોથી વિવાદિત રસ્તો સમજુતીથી ખુલ્લો કરી નિકાલ કરાયો

દાહોદ,
દાહોદ જિલ્લાના મુખ્ય મથક દાહોદના ગૌશાળા વાળા રસ્તે વિશ્વકર્મા મંદિરથી થોડેક આગળ એક રસ્તો વર્ષોથી વિવાદિત હતો અને તે રસ્તો સીધો જ ગોવિંદ નગરના બાગ સામે દૌલત ગંજ કન્યા શાળા પાસે થઈને નીકળે છે. જે માર્ગ ખાનગી માલિકી સાથે એક બીજાને સમજૂતી કરાર થી દસ્તાવેજ કરી આપી માર્ગ ખુલ્લો કરવાની પ્રક્રિયા હાથ ધરેલ છે જ્યારે આજે તા. ૧૬/૦૬/૨૦૨૨ ને ગુરૂવારના રોજ નગર પાલિકા પ્રમુખ રીનાબેન પંચાલની અધ્યક્ષતામાં આ કરાર




કરેલ હતો તેમની સાથે વાત ચીત કરી તેનો સુમેળભર્યો નિકાલ આવેલ.

આ રસ્તો સીધો હવે ગોવિંદ નગર બાગ ની સામેથી વિશ્વકર્મા મંદિર તરફ દર્શનાર્થે જઈ શકાશે. માટે વોર્ડ નં. ૭ ના તમામ કાઉન્સિલર દ્વારા પ્રમુખ રીનાબેન ને વિનંતી કરવામાં આવી હતી કે હવે થી આ માર્ગ નું નામ વિશ્વકર્મા માર્ગ નામ આપવામાં આવે ત્યારે તેમણ કહ્યું કે આવતી સામાન્ય સભામાં આપની વાતની દરખાસ્ત અમે મૂકીને તે માર્ગનું નામ વિશ્વકર્મા માર્ગ આપીશું તેવી બાહેધરી આપી હતી. આ માર્ગના સુમેળભર્યો નિકાલ લાવવા માટે દાહોદ નગર પાલિકા પ્રમુખ રીનાબેન પંચાલ, ઉપ પ્રમુખ અબ્દી ચલ્લાવાલા, પક્ષના નેતા રાજેશ સહેતાઈ અને વોર્ડ નંબર ૭ ના કાઉન્સિલર શ્રદ્ધાબેન ભડંગ, હંસાબેન વહોનીયા, લલિતનભાઈ પ્રજાપતિ, નૃપેન્દ્ર દોશી તથા અન્ય કાઉન્સિલર ઉપસ્થિત રહ્યા હતા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.251

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર



# પાવાગઢ નીજ મંદિર ખાતે સદીઓ બાદ શિખર ઉપર વડાપ્રધાનના હસ્તે ધજારોહણ કરાશે

- મંદિર ઉપર શિખર ન હોવાથી ધજા લહેરાવાતી ન હતી.
- શિખર નિર્માણ થતાં ધજા રોહણ કરાશે.

ગોધરા,

પાવાગઢ મહાકાળી મંદિર ખાતે ૧૮ જુનના રોજ વડાપ્રધાન મંદિરના ધ્વજારોહણ અને પ્રજા માટે આવનાર છે. આ દિવસ પાવાગઢ ઈતિહાસમાં એક સુવર્ણ અધ્યાય જોડાવવા જઈ રહ્યો છે. સદીઓ બાદ પાવાગઢ મંદિર ખાતે ધજા વડાપ્રધાનના હસ્તે ધજારોહણ કરવામાં આવશે.

પાવાગઢ મહાકાળી મંદિરના દર્શન માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ધ્વજારોહણ કરાનાર છે. પાવાગઢ મંદિર ખાતે સદીઓ પછી ધજા લહેરાવવામાં આવશે. પાવાગઢમાં ૧૨૫ કરોડ રૂપીયાના ખર્ચે મંદિર પરીસરનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે તથા મંદિરમાં શિખરનું નિર્માણ કરવામાં આવ્યું છે. અત્યાર સુધી મંદિર ઉપર શિખર ન હોવાના કારણે ધજા ચડાવી શકાતી ન હતી. મંદિરના ટ્રસ્ટીઓના કહેવા પ્રમાણે સદીઓ બાદ પાવાગઢ મંદિર ખાતે ધજા લહેરાશે. આ ઐતિહાસીક ક્ષણના સાક્ષી વડાપ્રધાન મોદી બનશે.

હાલ પાવાગઢ મંદિર ઉપર બનાવવામાં આવેલ કોરીડોરમાં ૨૦૦૦ શ્રધ્ધાળુઓ આવી શકે તે રીતે નિર્માણ કરવામાં આવ્યું છે. મંદિર સુધી પહોંચવા માટે સીડીઓ પણ પહોચી કરી દેવામાં આવી છે. પાવાગઢ નીજ મંદિરમાં ગર્ભગૃહ અને ધજા દંડ સોના માંથી બનાવવામાં આવેલ છે. મંદિર ઉપર ૭.૫ કરોડના ખર્ચે કળશ અને ધજા દંડ સ્થાપના કરવામાં આવી છે. પાવાગઢ માતાજીના મંદિર ઉપર એક દરગાહ આવેલ હતી. જેને લઈ સદીઓથી મંદિર ઉપર શિખર બની શક્યું ન હતું. આ વિવાદનો કોર્ટમાં ચાલતો હતો. તેનો સુખદ અંત આવ્યો.

# ગોધરા ચિખોદ્રાની નોંધ નં.૨ દેવસ્થાન અને બીનખેડુતોની તપાસ ગુજરાત રાજ્ય મહેસુલ વિભાગ દ્વારા થાય તેવી રજુઆત

ગોધરા,

ગોધરા ચિખોદ્રાની નોંધ નં.૨ રામજી મંદિર મુળ આવેલી હતી અને તે મુળ નોંધ નં.૨ ઈ-ધરા નાયબ મામલતદાર ભરત ડામોર દ્વારા મોટા પ્રમાણમાં અસામાજીક તત્વોના ઈશારે પોતાના વહીવટી ફરજ ઉપર હોવા છતાં રામજી મંદિર નોંધ નં.૨ ઓનલાઈન ઈ-ધરા કેન્દ્ર તરફ દાખલ કરવામાં આવેલ નથી અને નોંધ નં.૨ વાળી મિલ્કતો કોઈપણ સંજોગોમાં ગણતધારા હેઠળ આવી મિલ્કતો ચલાવવા અધિકાર મામલતદારો પહોંચ્યા નથી. તેમ છતાં જરૂરી જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરાના કર્મચારીઓ-અધિકારીઓ દ્વારા રામજી મંદિરની નોંધ ઓનલાઈન ઉડાવી અને ખોટા સુધારા હુકમો કરી અનેક પ્રકારની જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરા દ્વારા ગેરરીતિઓના કિસ્સાઓ બહાર આવેલ છે અને રામજી મંદિર નોંધો પછી કેટલાક રેવન્યુ સર્વે નંબરોમાં ગામ નમુના ૬ હકકપત્રની નોંધો પણ વંચાણે લેવાતી નથી અને કયા કયા અસામાજીક તત્વોને આપેલના નામો અને કોના હુકમો થી આપી તેવી માહિતી અધિકાર કાયદા ૨૦૦૫ હેઠળ માંગેલ માહિતી તાત્કાલીક પી.બી.કુંભાણી દ્વારા માહિતી પુરી પાડેલ નથી અને હાલ પણ ખુબ જ મોટા પ્રમાણમાં રામજી મંદિરના દસ્તાવેજો ગોધરા સબ રીજીસ્ટર કચેરીમાં થાય છે અને રામજી મંદિરની ૨ નોંધોમાં કયા કયા મામલતદારોએ ચેરીટી કમિશ્નર હુકમો ના હોવા છતાં તબદીલી કરેલ બાબતે જીલ્લા કલેકટર અને મેજીસ્ટ્રેટ સુજલ મયાત્રા (આઈ.એ.એસ.) અધિકારી પંચમહાલ ગોધરા તમામ રામજી મંદિરોની રીવ્યુમાં લઈ રદ કરશે કે કેમ તથા અસામજીક ભુમાફિયાઓ સામે ફોજદારી પગલા લેશે કે લેવડાવશે તેવી માંગો ઉઠવા પામી છે. આ નોંધ નં.૨ ચિખોદ્રા તથા નોંધ નં.૧ વિગેરે હમીરપુરની નોંધોથી અસામજીક તત્વો કેટલાક બોગસ ખેડુતો બનેલ છે અને આ બન્ને ગામોની તમામ જમીનો અસામાજીક તત્વો એ સરકારી મિલ્કતો તથા મંદિરની જમીનો (એન.એ.) અને અનેક પ્રકારના ફેરફાર કરી સરકારી કર્મચારીઓ-અધિકારીઓ પંચમહાલ નાઓએ સરકારી તથા મંદિરની જમીનોમાં કોઈપણ પરમીશનો વગર એકબીજાના નામે કરી તેમજ સરકારી તથા મંદિર હિજરતી મિલ્કતોમાં ગેરરીતિઓ આચરેલ છે. જે તમામ મિલ્કતો રીવ્યુ થવાના પાત્ર થાય તે જીલ્લા કલેકટર પંચમહાલ ગુજરાત રાજ્ય સરકારના વહીવટી નિયમો અંગે યોગ્ય કાર્યવાહી કરશે કે કેમ...?

નોંધ નં.૨ ને નિગાહે લેતા તા.૧/૧/૧૯૫૭ અસલ સર્વે નંબરો એકર ૧૨૨૧ ગુંઠા આકાર ૮૮૩-૦૦ આંકવામાં આવેલ છે અને ખુબ જ મોટા પ્રમાણની રામજી મંદિરની જમીનો આવેલી છે પરંતુ અસલ નોં.૨ તા.૧/૧/૧૯૫૭ના ઉપલા ભાગમાં તા.૧૨/૩/૧૯૫૭ કરી અસામાજીક તત્વો આગળ પડતા ઈસમો દ્વારા સુધારો કરી કરાવેલ જે નોંધ નં.૨ ને નિગાહે લેતાં રેકર્ડ રૂલ્સ મુજબ સાબિત થાય છે. કોઈપણ ટ્રસ્ટની મિલ્કતોમાં કોઈપણ જાતનો ફેરફાર કાયદા મજુબ ચેરીટી કમિશ્નરના હુકમો થયા પછી જ ફેરફાર થઈ શકે અને મહેસુલ વિભાગ ૨૦૧૦માં સુચનાઓ આપી છે એટલે મંદિરના દિવેલીચા કે પુજારીને વ્યકિતગત હેસીયતથી દેવ સ્થાનની જમીનો મિલ્કતો ધારણ કરવાનો હકક નથી. ચેરીટી કમિશ્નર પરિપત્રો કરેલ છે. ચેરીટી કમિશ્નર કલમ-૩૭ હેઠળ ટ્રસ્ટની કોઈપણ પ્રકારની ગેરરીતિઓ તપાસવાતા અધિકાર આપેલા છે પરંતુ ચિખોદ્રા તાલુકા ગોધરાની નોંધ નં.૨, એકર૧૨૨૧-ગુંઠા ૧૫ આકાર ૮૮૩-૦૦ વાળી જમીનોમાં ચેરીટી કમિશ્નરના હુકમોની નોંધો હોય કે રામજી મંદિરના વહીવટદારોની સંમતિ હોય તેવી કોઈ કબજેદારની નોંધો અંગે માહિતી પી.બી.કુંભાણી મામલતદાર તાત્કાલીક ગોધરા એ પુરી પાડેલ નથી. ગુજરાત દેવસ્થાન ઈનામ નાબુદી અધિનિયમ ૧૯૬૯નો સત્તાથી દુરઉપયોગ કરી રામજી મંદિરની જમીનોના હક નાબુદ કરવાનું ષડયંત્ર અસામાજીક તત્વો દ્વારા મોટા પ્રમાણમાં રચેલ છે. આમ, ટ્રસ્ટ અધિનિયમ ૧૯૫૧ પૂર્વથી ખેતી કરનાર અને ૧૯૫૫ અને ૧૯૫૭ થી ગણત ખેડુત બનેલા કોઈપણ મજકુરને દેવસ્થાન ઈનામ નાબુદી અધિનિયમ તેમજ તેના અમલ અનુસંધાને ઉત્પન્ન થયેલ ઠરાવો પરિપત્રો લાગુ પડતા નથી. પરંતુ આ રામજી મંદિરની જમીનો નોંધ નં.૨ તા.૧/૧/૧૯૫૭ વહીવટદાર નારણરાવ માધવરાવના નામે રામજી મંદિરની નોંધ કરવામાં આવેલ છે અને કોઈ પણ દેવસ્થાન જમીનોમાં ચેરીટી કમિશ્નર અને વહીવટદારની સંમતિ વગર અને જરૂરી પરમીશન વગર કોઈપણ જાતનો ફેરફાર કરી શકાય તેમ ના હોવા છતાં અસમાજીક તત્વો દ્વારા વડોદરા હાઈવેવાળી જમીનોમાં ખોટા કાયદા વિરૂદ્ધ જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરાના કર્મચારીઓ-અધિકારીઓ દ્વારા ખોટા ખોટા અનેક પ્રકારના હુકમો અને મોટા પ્રમાણમાં લાંચો આપી નોંધ નં.૨ ની તમામ મિલ્કતો રામજી મંદિરની જમીનો ગેરરીતિઓ કાયદાનો ખોટો ઉપયોગ કરી જયુડીશીયલ અધિકારો ના હોવા છતાં રામજી મંદિરની તમામ જમીનો એક પછી અકે પોતાના કુટુંબીને ફેરફાર કરી વેચાણ દસ્તાવેજો બનાવી દેવસ્થાનની તમામ જમીનોમાં રેકડી ગેરરીતિઓ આચરેલ છે.

ચિખોદ્રા તથા હમીરપુર પંચમહાલ ગોધરાની જમીનોથી મોટા પ્રમાણમાં બોગસ ખેડુતો બનેલ છે અને અનેક કાયદાનો ભંગ કરી કરાવી ઈન્કમટેકસ તથા સ્ટેમ્પ ડયુટીની ચોરીઓના તથા સરકારી મિલ્કતો હજરતી મિલ્કતો તથા દેવસ્થાનની તમામ મિલ્કતોથી બોગસ ખેડુતો બની સરકારી ગેરરીતિઓ આચરેલના કિસ્સા પંચમહાલ જીલ્લા ગોધરા તાલુકા ગોધરામાં યોગ્ય મહેસુલ અને કાયદા મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી જીલ્લા પંચમહાલના બોગસ ખેડુતોની તપાસ કરવામાં આવે તો એકપછી એક બિનખેડુતોના પર્દાફાશ થાય અને કેટલા પંચમહાલ જીલ્લા ગામ તાલુકા ગોધરાને મળી આવે તેમ છે. જેથી બોગસ ખેડુતોનું ખુબ જ મોટા પ્રમાણમાં બહાર આવે તેવી રજુઆતો ગુજરાત સરકાર કરવામાં આવેલ છે.

# આપના એક પ્રયાસથી કોઈ એક બાળકને શિક્ષણ મળશે ભણતર એ જિંદગીનું સાચું ઘડતર છે

ગોધરા,

રાઈટ ટુ એજ્યુકેશન એકટ ૨૦૦૯ ની જોગવાઈ મુજબ ૬ થી ૧૪ વયજૂથના તમામ બાળકો ધોરણ ૧ થી ૮નું ફરજિયાત પ્રાથમિક શિક્ષણ મેળવવાનો અધિકાર છે. પરંતુ સામાજિક કે આર્થિક કારણોસર બાળક અધવચ્ચેથી શાળામાંથી ઉઠી જાય છે અથવા કદી શાળાએ દાખલ થયેલ નથી. કોવિડ ૧૯ ની પરીસ્થિતિ ને લીધે નામાંકન થયેલ નથી. આવા બાળકોને ફરજીયાત પ્રાથમિક શિક્ષણ પુર્ણ કરાવવા તેમજ ધોરણ-૮ અને ૯ પછી શિક્ષણ છોડી દીધેલ હોય અથવા ધો. ૧૨ સુધીનું શિક્ષણ પૂર્ણ કરેલ ન હોય તેવા ૬ થી ૧૮ વય સુધીના તમામ બાળકો માટે સર્વે પ્રકીયા ૧૩ જુન ૨૦૨૨ થી ૨૫ જુન ૨૦૨૨ સુધી સર્વે હાથ ધરવામાં આવેલ છે. આવા બાળકની ઓળખ માટે જાહેર જનતાને જાગૃતતા કેળવવા તેમજ આવા બાળકોની ઓળખ માટે સહભાગી બનવા માટે અપીલ કરવામાં આવે છે.

આપની આસપાસના વિસ્તારમા કે અન્ય વિસ્તારમાંથી કોઈ બાળક કોઈ કારણોસર કદી શાળાએ ગયેલ ન હોય તો આ બાળકની વિગત તમારી નજીકની સરકારી પ્રાથમિક શાળામાં સંપર્ક કરવા વિનંતિ કરવામાં આવે છે. આપના એક પ્રયાસથી કોઈ એક બાળકને શિક્ષણ મળશે તથા ભણતર એ જિંદગીનું સાચું ઘડતર છે. આ સાથે વધુ માહિતી માટે સર્વ શિક્ષા અભિયાન, પંચમહાલગોધરા કચેરીના ટોલ ફી નંબર ૧૮૦૦-૨૩૩-૨૪૧૭ પર સંપર્ક કરવા વિનંતિ છે. તેવું જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડીનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધીકારી પંચમહાલ ગોધરાએ જણાવ્યું છે.

# વડાપ્રધાન મોદી વિરાસત વનની મુલાકાતે આવવાના હોઈ ચુસ્ત બંદોબસ્ત સાથે વહીવટી તંત્ર એલર્ટ




ગોધરા,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાત ને લય પાવાગઢ તથા વિરાસત વન ખાતે તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ગુજરાતના પનોતા પુત્ર અને ભારતના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આગામી ૧૮ જૂનના રોજ પંચમહાલ જિલ્લાની મુલાકાતે આવી રહ્યા છે અને તેમાં પણ ખાસ કરીને વડાપ્રધાન શ્રી પાવાગઢ ખાતે મહાકાળી માતાનું મંદિરનો ધ્વજારોહણ પોતાના હસ્તે કરવાના હોવાથી પાવાગઢ મહાકાળી માતાના મંદિરે તેમજ સમગ્ર વિસ્તારમાં વડાપ્રધાનની મુલાકાતને લઈને તડામાર તૈયારીઓ ચાલુ કરી દેવામાં આવી છે. મહાકાળી ધામની મુલાકાત બાદ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વિરાસત વનની પણ મુલાકાત લેવાના છે. ઉલ્લેખનીય છે કે, ૨૦૧૧માં નરેન્દ્ર ભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા. ત્યારે તેઓના હસ્તે જ વિરાસત વનનું પાવાગઢ નજીક લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેના બરાબર ૧૧ વર્ષ બાદ વડાપ્રધાન ફરીથી વિરાસત વનની મુલાકાતે આવી રહ્યા છે. ત્યારે વિરાસત વન તરફ જતા રસ્તા ઉપર ઠેરઠેર પંચમહાલ પોલીસ દ્વારા સુરક્ષા કર્મીઓ અને પોલીસના જવાનો તેમજ હોમગાર્ડના જવાનોને તૈનાત કરી દેવામાં આવેલા નજરે પડે છે. વિરાસત વન ખાતે પણ વડાપ્રધાનની સુરક્ષાને લઈ વડાપ્રધાનની સુરક્ષા સંભાળતા એનડીઆરએફના જવાનોની કાફલો તથા અધિકારીઓ વિરાસત વન ખાતે આવી પહોંચ્યા છે અને સુરક્ષાકર્મીઓ દ્વારા વડાપ્રધાનની સલામતી માટે ચુસ્ત બંદોબસ્ત સાથે કંઈક ચેકીંગ પણ કરવામાં આવી રહ્યું છે. સમગ્ર પાવાગઢ અને વિરાસત વન તરફ જતા ચારે તરફના રસ્તાઓ હાલોલ બોડેલી ધોરીમાર્ગ હાલોલ ઘોઘંબા માર્ગ ઉપર જ્યાં જુઓ ત્યાં પોલીસના જવાનો ઠેરઠેર નજરે પડી રહ્યા છે. તો બીજી તરફ પંચમહાલ જિલ્લા વહીવટીતંત્ર પણ વડાપ્રધાન મોદીને આવકારવા માટે કાર્યક્રમની તડામાર તૈયારીઓમાં લાગી ગયું છે અને જોરજોરથી અંતિમ કરીને તૈયારીઓને આખરી ઓપ આપી રહેલા કર્મચારીઓ નજરે પડી રહ્યા છે. પંચમહાલ જિલ્લા પોલીસ આરોગ્ય વિભાગ વન વિભાગ સહિતના તમામ વિભાગો વડાપ્રધાનની મુલાકાતને લઈ એલર્ટ થઈ ગયા છે. વડાપ્રધાનનું કાફલો જ્યાંથી પસાર થવાનો છે. તે રૂટ ઉપર સફાઈ તથા સીસીટીવી સહિતની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. આમ, વડાપ્રધાનને આવકારવા માટે પંચમહાલ જિલ્લાનું સમગ્ર વહીવટી તંત્ર કામે લાગી ગયું છે અને જિલ્લાની પ્રજામાં પણ વડાપ્રધાનની મુલાકાતને લઈને અનેરો ઉત્સાહ તેમ જ થનગનાટ જોવા મળી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, તારીખ ૧૮ ના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સૌપ્રથમ પાવાગઢ ખાતે મહાકાળી માતાના મંદિરે ધ્વજારોહણ કરી ત્યારબાદ વિરાસત વનની મુલાકાત લેશે અને ત્યાર પછી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વડોદરા ખાતે જનાર હોવાનું જાણવા મળ્યું છે.

## ગોધરા નગર પાલિકાના સફાઈ કામદારો

# ચાર મહિનાના પગાર અને પડતર માંગણીઓ પુરી નહી કરતાં અચોકકસ મુદ્દતની હડતાળ શરૂ કરતાં શહેરના માર્ગો ઉપર કચરાના ઢગલા જોવા મળ્યા



ગોધરા,

ગોધરા નગર પાલિકાના સફાઈ કામદારોના છેલ્લા ચાર માસના પગાર તેમજ નિવૃત સફાઈ કામદારોના પેન્શન નહી ચુકવવામાં આવતાં તેમજ પડતર માંગણીઓ જેવી કે, ૩૬ સફાઈ કામદારોની ભરતી કરવાની પ્રક્રિયા પુરી કરવાની માંગ સાથે ૭ દિવસનો સમય આપવામાં આવ્યો હતો. તે દરમિયાન સફાઈ કામદારોના પ્રશ્નોનું નિરાકરણ નહી આવતાં આજરોજ સફાઈ કામદારો અચોકકસ મુદ્દતની હડતાળ ઉપર જતાં શહેરના મુખ્ય માર્ગો ઉપર ગંદકીનું સામ્રાજય જોવા મળ્યું.

ગોધરા નગર પાલિકાના સફાઈ કામદારો તેમજ નિવૃત સફાઈ કામદારોને છેલ્લા ચાર મહિનાનો પગાર અને પેન્શન ચુકવણી કરવામાં આવી નથી તે કરવામાં આવે વર્ષ ૨૦૧૪-૧૫ થી અત્યાર સુધી સફાઈ કામદારોના પગાર માંથી કપાત થતાં પી.એફ. જમા કરાવવામાં આવ્યા નથી. તે જમા કરાવવામાં આવે. ૨૦૧૩ના વર્ષમાં ૭૦ સફાઈ કામદારોની ભરતી કરવામાં આવી હતી. તેવા કર્મચારીને ૧૨,૨૪,૩૬ના તફાવત મળે તેમજ કાયમી સફાઈ કામદારોને ૧૮,૫૦૦/-રૂપીયા મુજબ ચુકવણું કરવામાં આવે. ૩૬ સફાઈ કામદારોની ભરતી પાલિકાએ કરેલ નથી. તેવા સફાઈ કામદારો કોર્ટ ગયેલ છે અને સફાઈ કર્મચારીઓની ભરતી કરવામાં આવે તેવી માંગ સાથે સામાજીક કાર્યકર કમલેશ ચૌહાણની રાહબરી હેઠળ જીલ્લા કલેકટરને આવેદન આપીને ૭ દિવસમાં યોગ્ય ઉકેલ કરવામાં ન આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચિમકી ઉચ્ચારી હતી. આવેદન દ્વારા કરવામાં આવેલ માંગ સમયગાળા દરમિયાન પુરી નહી કરવામાં આવતાં આજરોજ નગર પાલિકા કચેરી સામે ગાંધી ચિંધ્યા માર્ગે હડતાળ ઉપર ઉતરી ગયા હતા. સફાઈ કર્મચારીઓ હડતાળ કરતા શહેરના માર્ગો ઉપર કચરા અને ગંદકીના ઢગ જોવા મળ્યા હતા. સફાઈ કર્મચારીઓની હડતાળ નિકાલ ન આવે ત્યાં સુધી ચાલુ રહેશે. જેને લઈ નગરજનોને ગંદકીનો સામનો કરવો પડશે.